Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગુજરાતી ચિત્રવાચન માળા

બીજી ચોપડી

66 ગ
2 ૮૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

મુંબઈ સરકારે સને ૧૯૩૯માં શાળાઓ માટેનાં પાઠ્યપુસ્તકોની પસંદગી કરવા તેમ જ પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે એક સમિતિની નિમણૂક કરી હતી. એ સમિતિએ પાઠ્યપુસ્તકો સંબંધમાં કેટલાક અગત્યના સિદ્ધાંતો રજૂ કર્યા હતા. એ સિદ્ધાંતો અનુસાર પ્રાથમિક શાળાઓનાં ધોરણ ૧ થી ૪ માટે ગુજરાતી વાચનમાળા તૈયાર કરવાને નીમવામાં આવેલી નીચેની સમિતિએ આ પુસ્તક તૈયાર કર્યું છે:

૧. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ (પ્રમુખ)
૨. શ્રી. ચન્દ્રવદન ચૂનીલાલ શાહ
૩. શ્રી. ઉમાશંકર જોષી
૪. શ્રી. અનંતરાય મણિશંકર રાવળ
૫. શ્રી. નગીનદાસ નારણદાસ પારેખ
૬. શ્રી. શંભુપ્રસાદ કૃપાશંકર ભટ્ટ (મંત્રી)

આ સમિતિના સભ્યોએ પોતાનું કામ ઉત્સાહપૂર્વક અને કોઈ પણ જાતના પુરસ્કાર સ્વીકાર્યા વિના કર્યું છે તે બદલ સરકાર તરફથી હું તેમનો આભાર માનું છું.

દા. ચિં. પાવટે
સરકારી કેળવણી ખાતાના
પ્રમુખ અધિકારી, મુંબઈ પ્રાંત

પૂના, ૨૫–૨–૧૯૪૯


ओ३म्
पुस्तक संख्या... ७७ ग २८(ब)
पञ्जिका संख्या... २५४४
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વાચનમાળા

બીજી ચોપડી

એક્ક પ્રકાશીકરણ ૧૯૮૪-૧૯૮૬





સરકારી કેળવણી ખાતું, મુંબઈ પ્રાંત

૧૯૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

૧ અમે તારાં સૌ બાળ [કાવ્ય] ૩
૨. મહાદેવનો ભાઈ ૪
૩. વાઘ આવ્યો. ૬
૪. ત્રણ વરદાન ૮
૫. સરધસ [કાવ્ય] ૧૧
૬. નવો નિશાળિયો ૧૩
૭. સાબરનાં શીંગડાં ૧૬
૮. ચોખ્ખાઈ ૧૮
૯. ચાંદલિયો [કાવ્ય] ૨૦
૧૦. મદારીનો ખેલ ૨૨
૧૧. આપણે એકસો ને પાંચ ૨૫
૧૨. ડરું ન હું અંધારે [કાવ્ય] ૨૭
૧૩. ઝઘડાનો નિકાલ ૨૯
૧૪. ત્રણ માછલીઓ ૩૧
૧૫. ભરત ૩૩
૧૬. લેને તારી લાકડી ૩૬
૧૭. આગગાડી ૩૭
૧૮. વરાળનું બળ ૩૯
૧૯. ગલૂડિયાં [કાવ્ય] ૪૧
૨૦. આંધળો અને લંગડો ૪૩
૨૧ પરોઢનો આનંદ ૪૫
૨૨. માધુ ટપાલી ૪૭
૨૩. કાપણી [કાવ્ય] ૫૧
૨૪. સફાઈ ૫૩
૨૫. સોના જેવું ખાતર ૫૬
૨૬. લંગડી ૫૯
૨૭. હું તો પૂછું [કાવ્ય] ૬૨
૨૮. સાચાબોલી ગાય ૬૪
૨૯. હળ અને દાતરડું ૬૭
૩૦. બહાદુર જુવાન ૬૯
૩૧. કોઈને માટે આંખો [કાવ્ય] ૭૨
૩૨. કબૂતરોનો સરદાર—૧ ... ... ૭૩
૩૩. કબૂતરોનો સરદાર—૨ ... ... ૭૫
૩૪. ડોસાએ ગામ બચાવ્યું. ૭૭
૩૫. જાગને જાદવા [કાવ્ય] ૮૦
૩૬. માટીનાં વાસણો ને રમકડાં ૮૧
૩૭. પતંગની સહેલ—૧ ... ... ૮૫
૩૮. પતંગની સહેલ—૨ ... ... ૮૮
૩૯. હોળી [કાવ્ય] ૯૦
૪૦. પાવાગઢ ૯૨
શબ્દયાદી ૯૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. અમે તારાં સૌ બાળ

અમે તારાં સૌ બાળ,
પિતા, તારાં સૌ બાળ.

અમે નાનકડાં બાળ ગામગામનાં,
અમે દેશ દેશ દુનિયા તમામનાં,
અમે તારાં સૌ બાળ,
પિતા, તારાં સૌ બાળ.

અમે મલકંતાં ફૂલ બાગબાગનાં,
ગીત ગાતાં પંખી રાગરાગનાં,
અમે તારાં સૌ બાળ,
પિતા, તારાં સૌ બાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે ફરકંતાં તરણાં સૌ ઘાસનાં,
અમે પલકંતા તારા આકાશના,
અમે તારાં સૌ બાળ,
પિતા, તારાં સૌ બાળ.

---

૧. પોતે ભગવાનનાં બાળક છે એવું ભગવાનને કોણ કોણ કહે છે ?
૨. તમારા વર્ગમાંથી થોડાં બાળકો ફૂલ બનો, થોડાં ચંપો બનો, થોડાં તારા બનો. પછી આ કવિતા અભિનય સાથે ગાઓ.

૨. મહાદેવનો ભાઈ

મહાદેવ નામે એક છોકરો હતો. એક દિવસ એની બાએ એને બરફીનો એક મોટો ટુકડો આપી કહ્યું, "આ તું ખાજે." અને બીજો એક નાનો ટુકડો આપી કહ્યું, "આ પેલા છોકરાને આપજે."

થોડે જ દૂર ઘરની કામવાળીનો છોકરો ઊભો ઊભો એકીટશે બરફી તરફ જોઈ રહ્યો હતો. મહાદેવે તેની પાસે જઈ મોટો ટુકડો તેને આપ્યો. નાનો ટુકડો ઝપ દઈને પોતાના મોંમાં મૂકી દીધો.

તેની બાએ એ જોયું. તેણે મહાદેવને કહ્યું, "અરે ! મોટો ટુકડો તો તારે માટે હતો. એ તેં એને કેમ આપી દીધો ?"

મહાદેવે સહેજ હસીને જવાબ દીધો, "બા, તેં એક દિવસ નહોતું કહ્યું કે ગરીબ તારા ભાઈ છે ? તો પછી મોટો ટુકડો હું ખાઉં કે ભાઈ ખાય એ બધું એક જ છે ને ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહાદેવની બાને આ સાંભળીને ખૂબ આનંદ થયો. એમણે મહાદેવને છાતી સરસો ચાંપ્યો.

આ મહાદેવ ભણીગણીને મોટો થયો અને પોતાના દેશભાઇઓ માટે એણે ઘણાં ઘણાં કામ કર્યાં. એ મહાદેવ તે જ આપણા દેશના મહાપુરુષ મહાદેવ ગોવિંદ રાનડે.

---

૧. કામવાળીના છોકરાને બરફીનો મોટો ટુકડો મળ્યો ત્યારે એને શું થયું હશે? મહાદેવની બાને શાથી આનંદ થયો?

૨. બરફી સિવાયની મીઠાઈનાં નામ આપો.

૩. આપણા દેશના બીજા ત્રણ મહાપુરુષોનાં નામ આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. વાઘ આવ્યો.

એક ભરવાડનો છોકરો રોજ સીમમાં ઘેટાં અને બકરાં ચારવા જતો. ત્યાં આખો દિવસ તેને એકલા બેસી રહેવું પડતું. નહિ કોઈ સાથે બોલવાનું કે નહિ કોઈ સાથે રમવાનું. એક દિવસ તે ખૂબ કંટાળી ગયો, એટલે ગમ્મત કરવા ખાતર તેણે એક ઝાડ પર ચઢી મોટેથી બૂમો પાડી :

" વાઘ આવ્યો રે વાઘ આવ્યો, ધાજો રે ધાજો !"

એની બૂમ સાંભળીને આસપાસના લોકો એકદમ દોડી આવ્યા. કોઈના હાથમાં ધારિયું, તો કોઈના હાથમાં ભાલો. કોઈના હાથમાં લાઠી, તો કોઈના હાથમાં વાંસી. તેઓ છોકરાને પૂછવા લાગ્યા કે વાઘ ક્યાં છે ? છોકરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના તરફ જોઈને હસી પડ્યો અને પછી બોલ્યો, "વાઘ કેવો ને વાત કેવી! એ તો હું ખાલી ગમ્મત કરતો હતો."

લોકો મનમાં ખિજતા ખિજતા પાછા ગયા. બીજી વખત પણ છોકરાએ આવું કર્યું. લોકોને હવે થયું કે આ છોકરો વારે વારે જૂઠું બોલે છે. આપણને એ નકામા દોડાવે છે.

એ પછી એવું બન્યું કે એક દિવસ સાચેસાચ વાઘ આવ્યો. વાઘ આવીને બકરાં અને ઘેટાંના ટોળા પર તૂટી પડ્યો. આ જોઈને પેલો છોકરો ખૂબ ગભરાઈ ગયો. પાસેના ઝાડ પર ચઢી એ મોટેથી બૂમ પાડવા લાગ્યો :

"વાઘ આવ્યો રે વાઘ આવ્યો, ધાજો રે ધાજો."

લોકોએ એની બૂમ સાંભળી ખરી, પણ છોકરો ફરી મશ્કરી કરતો હશે એમ માની કોઈ ગયું નહિ. વાઘે એનાં ઘણાં બકરાં તથા ઘેટાં મારી ખાધાં.

છોકરાને હવે ભાન થયું કે મારી મશ્કરી મને જ ભારે પડી.

---

૧. છોકરાએ ખોટી બૂમો શા માટે પાડી? સાચો વાઘ આવ્યો ત્યારે લોકો કેમ ન આવ્યા? છોકરાને પોતાની મશ્કરી ભારે પડી એમ શા પરથી કહેવાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. ત્રણ વરદાન

શિયાળાની ઋતુ હતી. કડકડતી ઠંડી પડતી હતી. રધા પટેલ અને પટલાણી શગડી પાસે બેઠાં બેઠાં તાપતાં હતાં.

એકાએક પટલાણી બોલ્યાં, "મને જો કોઈ કહે 'માગ', તો હું તો ખૂબ પૈસા માગું."

પટેલ કહે, "બરાબર છે. મને પણ માલદાર શેઠ થવાનું ગમે."

એકાએક તેમણે રૂપાની ઘંટડીના રણકાર જેવો કોઈના હસવાનો અવાજ સાંભળ્યો. જુએ છે તો સામે એક પરી છે! નાની નાની પાંખો. નાજુક રૂપાળું શરીર. સામે ઊભી ઊભી પરી હસતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરીને જોઈ ને બંને જણને બહુ અચંબો થયો. ત્યાં પરી બોલી, "મેં તમારી વાત સાંભળી છે. ચાલો, તમને હું ત્રણ વરદાન આપું છું. તમે ત્રણ વાર ગમે તે માગી શકશો. માગો જોઉં."

પટેલ બોલ્યા, "પરીબહેન, જરા ઊભાં રહો. અમે વિચાર કરીને માગીએ છીએ."

પરી કહે, "ભલે."

પેલાં બંને તાપતાં ગયાં ને વિચાર કરતાં ગયાં. શગડી ભડભડ બળતી હતી.

એકાએક પટલાણી બોલ્યાં, "વાહ! તાપ કેવો મજાનો છે! આ શગડી પર કઢાઈ મૂકું તો વડાં ઝટ ઝટ તળાઈ જાય. મને તો વડું ખાવાનું મન થયું છે. પરીબહેન, મને એક વડું આપો."

આટલું બોલી રહીને પટલાણી નીચે જુએ છે તો સામે એક મવમવતું વડું! આ જોઈને પટેલ ચિડાઈ ગયા.

એ બોલ્યા, "ફટ ભૂંડી! તને માગતાં જ ક્યાં આવડે છે! માગી માગીને તેં વડું માગ્યું! જા, એ વડું તારા નાક પર ચોંટી જાઓ. પરીબહેન, હું એટલું જ માગું છું."

વડું તો ટપ દઈને પટલાણીના નાકને ટેરવે ચોંટી ગયું. પટલાણીને નાકે ભાર લાગ્યો. હાથ ફેરવીને જુએ છે તો નાકને ટેરવે વડું ચોંટી ગયું છે. ખેંચવા તો ગયાં પણ હવે એ ઊખડે કેમ કરીને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટલાણી કહે, "અરે, આ તે તમે શું કર્યું? જુઓ, હું કેવી કૂબડી લાગું છું?"

પટેલ કહે, "ભૂલ થઇ ગઈ. પણ હવે શું થાય? પરીબહેનને કહું કે તારા નાક પરના વડાને એ સોને મઢી દે. તને સોનું ગમે છે ને?"

પટલાણી કહે, "જો જો, એવું કંઈ માગી બેસતા! હવે માગવાનો વારો મારો છે. પરીબહેન, હું તો એટલું જ માગું છું કે આ વડું મારા નાક પરથી ખરી પડે."

વડું તરત જ નીચે પડી ગયું. પટલાણી જુએ છે તો પરી સામે ઊભી ઊભી ખડખડ હસતી હતી.

પરી બોલી, "કેમ, ત્રણ વાર માગી લીધું ને?"

પટલાણી કહે, "પરીબહેન, તમે પણ અમને ઠીક બનાવ્યાં!"

પટેલ કહે, "ને આપણે પણ કેવાં મૂરખ!"

પટલાણી કહે, "મૂરખ તો ખરાં જ ને!"

એમ કહી બંને જણ હસ્યાં. પછી જુએ છે તો પેલી પરી ન હતી.

---

૧. પટલાણીને શું જોઈતું હતું? પટેલને શું થવાની ઇચ્છા હતી? એમણે કયાં ત્રણ વરદાન માગ્યાં? આખરે એમને શું મળ્યું?

૨. 'માલદાર' એટલે 'માલવાળો'. આને મળતા બીજા ત્રણ શબ્દો કહો અને લખો. (દા. ત. ફોજદાર)

૩. આ પાઠમાં ઠંડીને 'કડકડતી' કહી છે. એવા જ બીજા શબ્દો પાઠમાંથી શોધી કાઢી ખાલી જગા પૂરો.

———— શગડી; ———— વડું.

૪. તમને જો કોઈ ત્રણ વરદાન માગવાનું કહે તો તમે શું માગશો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. સરઘસ

ચાલો જોવા, ચાલો જોવા,
નવી જાતનું સરઘસ જાય;
ભાતભાતના સૂર-તાલમાં
જાતજાતનાં ગીતો ગાય.

સૌની આગળ ચકલી ચાલે,
ગાતી ગાતી ચીં ચીં ચીં;
કલબલ કરતી કાબર પાછળ
બતકબાઈ કરતાં કીં કીં.

મેઆવ કરતો મોર ચાલતો,
કા કા કરતા કાગાભાઇ,
કૂઊ કૂઊ કોયલ ગાતી,
કૂકડેકૂક કૂકડા ભાઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિયાઉં મિયાઉં બિલ્લી ગાતી,
હાઉ વાઉ કરતા કૂતરાભાઈ,
બેં બેં બેં બેં બકરી ગાતી,
હોંચી, હોંચી, ગધ્ધાભાઈ.

ઈ હીં હીં હીં ઘોડો કરતો,
હૂકી હૂકી શિયાળભાઈ,
હુપ હુપ કરતા વાંદરભાઈ ને
અંભાં અંભાં ગાતી ગાય.

છોકરાંઓને ગમ્મત થઈ ગઈ,
જોવા જેવું સરઘસ જાય;
ભાતભાતના સૂર-તાલમાં
જાતજાતનાં ગીતો ગાય.

---

૧. સરઘસને નવી જાતનું કેમ કહ્યું છે? એમાં પંખીઓ કયાં છે? પશુઓ કયાં છે? એ દરેકનું નામ આપી તે કેવા અવાજો કરે છે તે લખો.

૨. તમારા વર્ગનાં બાળકોનું એક સરઘસ ગોઠવો. તેમાં કોઈ ચકલી, કોઈ બતક, કોઈ મોર, વગેરે થજો. પછી તમારા અવાજ વારાફરતી કરતાં કરતાં તમે થોડી વાર ફરજો.

૩. સરઘસમાંના કોઈ એક પશુ કે પંખીનું ચિત્ર દોરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. નવો નિશાળિયો

હુસેન આજે નિશાળે બેઠો. મરિયમ ચાચી તેને મૂકવા આવ્યાં હતાં. મને જોઈને તે બોલ્યાં, "બેટા રમેશ, હુસેનને તારી સાથે બેસાડીશ ને?"

મેં કહ્યું, "હા, ચાચી. સાંજે અમે ઘેર પણ સાથે જ આવીશું." પછી હુસેનને મેં કહ્યું, "હુસેન, ચાલ. હીંચકા ખાવા જઈશું?" પણ હુસેન તો ચાચીના હાથને વળગી પડ્યો અને બોલ્યો, "અમ્મા, મારે અહીં નથી રહેવું." એટલામાં હમીદા આવી. હુસેનને જોઈ તે બોલી, "ઓહો, મરિયમ-ચાચી, હુસેન આવ્યો છે ને!"

ત્યાં મોટાં બહેન આવ્યાં. તે બોલ્યાં, "કેમ છો, મરિયમ-બહેન? આ કોણ? હુસેન કે? કેવો મીઠો છે!" અને પછી એમણે હુસેનને પોતાની પાસે તેડ્યો. હુસેનને એમણે એક બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ વાતો સંભળાવી. હું પણ મોટાં બહેન સાથે વાતે વળગ્યો. હુસેન પણ હોંકારા પૂરવા મંડ્યો. થોડી વારમાં તે મારી સાથે હળી ગયો. પછી તો તે મારી સાથે રમતમાં ભળ્યો. અમે હીંચકા ખાધા. પાટિયા પરથી સર્યા. એરચ ને સરયૂ પણ અમારી સાથે રમવા લાગ્યાં.

પાટિયા પરથી સરતાં સરતાં એક વખત હુસેન ગબડી પડ્યો. તેના મોંમાં થોડી ધૂળ ભરાઈ ગઈ, એટલે તે થૂ...થૂ... કરવા મંડ્યો. એ જોતાં એરચ પાણી લેવા દોડી ગયો. સરયૂએ હુસેન થૂંક્યો હતો તે જગા પર ધૂળ વાળી દીધી. એ જોતાં હુસેન શરમાઈ ગયો. તે બોલ્યો, "અહીં થૂંકાય નહિ?"

સરયૂ બોલી, "એમાં કાંઈ નહિ, હુસેન. તું પડી ગયો એટલે તારે થૂંકવું પડ્યું. બાકી આમ આપણી નિશાળમાં કોઈ થૂંકતું નથી. જો, પેલાં ધૂળથી ભરેલાં કૂંડાં મૂક્યાં છે. જેને થૂંકવું હોય તે તેમાં થૂંકે છે ને ઉપર ધૂળ વાળી દે છે."

એરચ પાણીનો પ્યાલો લઈને આવી પહોંચ્યો. હુસેનને પાણી આપતાં તે બોલ્યો, "હુસેન, તારા મોંમાં ધૂળ ભરાઈ ગઈ છે. પેલી ચોકડીમાં બે ત્રણ કોગળા કરી નાખ, એટલે મોં ચોખ્ખું થઈ જશે." એમ બોલતાં હુસેનને તે ચોકડી તરફ લઈ ગયો.

એ બંને પાછા આવ્યા ત્યાં ઘંટ વાગ્યો. એટલે અમે વર્ગમાં ગયાં. લતાબહેને વર્ગમાં કપાસના સૂરજની વાત કરી. હુસેનને તેમાં મજા પડી. તે તો કપાસના સૂરજ બનાવવા મંડ્યો. એ પછી અમે તકલીનું ગીત ગાયું. હુસેનને તે આવડતું હતું, એટલે તે પણ અમારી સાથે ગાવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પછી અમારે અમારા બગીચામાં છોડને પાણી પાવા જવાનું હતું. જતાં પહેલાં લતાબહેને હુસેનને કહ્યું, "હુસેન, આપણે હવે છોડને પાણી પાવા જવાનું છે. તને એ કામ ન ગમે તો ઊભો ઊભો જોયા કરજે."

હુસેન બોલ્યો, "બહેન, મને એવું તો ગમે."

"તો તો બહુ સારું!" લતાબહેન બોલ્યાં અને હુસેનની પાસે આવી એમણે કહ્યું, "તું રમેશની પાછળ રહેજે. અહીંથી આપણે બહાર જવાનું હોય છે, ત્યારે સૌ હારમાં જઈએ છીએ."

હુસેનને આ બધી વાતથી મજા પડી. દિવસ આખો કેમ પસાર થઈ ગયો તેની પણ તેને ખબર ન પડી.

સાંજે મરિયમ ચાચી તેને તેડવા આવ્યાં. એમને જોતાં તે બોલ્યો, "અમ્મા, હું તો રમેશ સાથે આવીશ."

ચાચી હસીને બોલ્યાં, "તને નિશાળે ગમી ગયું કે શું?"

હુસેન શરમાઈ ગયો. ચાચી હસતાં હસતાં પાછાં ગયાં.

---

૧. શરૂઆતમાં હુસેન મરિયમ ચાચીના હાથને કેમ વળગી પડ્યો? પછીથી તેને નિશાળમાં કેમ ગમી ગયું? હુસેન થૂંકયો હતો તે જગ્યા પર સરયૂએ ધૂળ કેમ વાળી દીધી? વર્ગમાં ગયા પછી હુસેનને શામાં શામાં મજા પડી? સાંજે મરિયમ ચાચી હુસેનને તેડવા આવ્યાં ત્યારે તેણે શું કહ્યું?

૨. તમે નિશાળમાં કઈ કઈ રમતો રમો છો? રમતનાં સાધનોની એક યાદી બનાવો.

૩. તમે બધાં 'કપાસનો સૂરજ' બનાવો. એક મોટા રંગીન કાગળ પર તે બધાને હારબંધ ટાંગીને નીચે સારા અક્ષરે પોતપોતાનું નામ લખો. પછી તે કાગળ તમારા વર્ગની દીવાલ પર ચોંટાડો.

૪. તકલીનું ગીત કોણ ગાશે? બધાં એકસાથે ગાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. સાબરનાં શીંગડાં

ચોખ્ખા પાણીનો એક ઝરો હતો. તેમાં ઊતરી એક સાબર પાણી પીતું હતું. તેણે પાણીમાં પોતાનો પડછાયો જોયો. પડછાયામાં પોતાનાં શીંગડાંનો ભરાવ જોઈ તે ખૂબ ખુશ થઈ ગયું, ને બોલ્યું, "મારું મોં આ શીંગડાંથી કેવું શોભે છે!"

એટલામાં તેની નજર પગ પર પડી. તે ઘણા જ પાતળા હતા. તે એને ગમ્યા નહિ. તે બબડ્યું, "આ પગ મને લજવી મારે છે. તે આવા ન હોત તો મારું શરીર કેવું સુંદર દેખાત! ફૂટડા શરીરમાં આવા ભૂંડા પગ ક્યાંથી આવી પડ્યા!"

એવામાં શિકારીઓની કિકિયારીઓ સંભળાઈ. તેમના કૂતરાના ભસવાનો અવાજ પણ કાને પડ્યો. તે ચમકી ઊઠ્યું ને છલંગ મારતું જીવ લઈને નાઠું. ઘડી વારમાં તો તે આઘે નીકળી ગયું. શિકારીઓ ને કૂતરા ઘણે છેટે રહી ગયા. તો પણ તેમણે સાબરનો કેડો મૂક્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાબર દોડતું દોડતું પાધર વટાવી એક ઝાડી પાસે આવી પહોંચ્યું. શિકારીઓ ને એમના કૂતરા દેખે નહિ, માટે એ તેમાં ભરાઈ ગયું. એ ઝાડીમાં આગળ જતાં મોટાં ઝાડ હતાં. તેની ડાળીઓ ચોપાસ ફેલાયેલી હતી. ડાળીઓમાં એનાં શીંગડાં ભરાઈ ગયાં. એણે તે કાઢવા ઘણી મથામણ કરી, પણ કંઈ વળ્યું નહિ. એવામાં ખખડાટ સાંભળી ત્યાં કૂતરા આવી પહોંચ્યા, ને તેમણે એને ઝાલ્યું.

એ વખતે સાબરને થયું, "જે પગને મેં વખોડ્યા હતા, તેમણે તો સંકટમાંથી મારો બચાવ કર્યો. પણ જે શીંગડાંના ભરાવનાં મેં વખાણ કર્યાં હતાં, તેમણે જ મને ફસાવી દીધું. એવાં શીંગડાં ન હોત તો કેવું સારું થાત !"

---

૧. સાબરને શાનું અભિમાન હતું ? એને શું ગમતું ન હતું ? એ શાને લીધે પકડાઈ ગયું ? એ વખતે એને શા વિચારો આવ્યા ?

૨. ઝડપથી દોડી શકે એવાં બીજાં પાંચ પ્રાણીનાં નામ આપો.

૩. નદી કે તળાવના પાણીમાં તમે કોના કોના પડછાયા જોયા છે ?

૪. નીચેના શબ્દો જે વાક્યોમાં વપરાયા હોય તે વાક્યો શોધી કાઢીને તમારી નોંધપોથીમાં લખો :—

કાને પડ્યો ; જીવ લઈને નાઠું ; કેડો મૂક્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. ચોખ્ખાઈ



બારડોલી તાલુકામાં વરાડ કરીને ગામ છે. ગાંધીજી એક વાર ત્યાં ગયા હતા. બપોરે જમવાનો વખત થયો એટલે એમણે લીંબુના પાણીમાં જરા મીઠું નાખીને પીધું. એક ભાઈ તે લીંબુવાળો વાટકો ધોવા ગયા. સામે ચોકડીમાં પાણીની ડોલ ભરેલી હતી. એમાંથી હાથના ચાંગળા વતી પાણી લઈ એમણે વાટકો વીછળ્યો. પછી ડોલમાં બોળી સાફ કરીને લઈ આવ્યા.

આ બધું ગાંધીજી જોતા હતા. એમણે કહ્યું, "આ બરાબર ન થયું. તમે ડોલમાં હાથ નાખી પાણી ગંદું કર્યું. એ પહેલી ભૂલ કરી. પછી વાટકો પૂરો સાફ કર્યા વગર ડોલમાં બોળ્યો. એ બીજી ભૂલ કરી. વળી, વાટકો માત્ર વીછળીએ તે ન ચાલે, માંજવો જોઈએ. અને હવે આ ડોલનું પાણી પણ નહિ ચાલે. એ પણ ગંદું અને એઠું થયું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ભાઈ ડોલમાં બીજું પાણી લઈ આવ્યા. પેલા ભાઈ વાટકો અને ચમચો માંજવા નીચે ગયા. થોડી વારમાં ધોતિયાના છેડાથી ચમચો લૂછતા લૂછતા એ ઉપર આવ્યા. એ જોઈ ગાંધીજી હસી પડ્યા અને બોલ્યા, "તમે વળી નવી ભૂલ કરી."

પેલા ભાઈ સમજ્યા નહિ એટલે ગાંધીજીએ કહ્યું, "તમારું ધોતિયું ખૂબ ઊજળું છે, પણ સાફ ન કહેવાય. તમે એ સવારનું પહેર્યું હશે. એ પહેરીને તમે ગમે ત્યાં ફર્યા હશો. ત્યાંનાં અને તમારા શરીર પરનાં જંતુ એને લાગ્યાં હશે. એટલે એનાથી ખાવાનાં વાસણ સાફ ન કરાય. વળી, તમારું ધોતિયું પણ એ રીતે ન બગાડાય."

પેલા ભાઈએ વાટકો અને ચમચો સ્વચ્છ પાણીથી પાછા ધોયા, સાફ કકડા વડે કોરા કર્યા અને ગાંધીજી આગળ એમની ગાદી ઉપર મૂક્યા. એટલે ગાંધીજી ફરી હસ્યા અને બોલ્યા, "વળી પાછી ભૂલ થઈ."

પેલા ભાઈ તો આભા જ થઈ ગયા. એટલે ગાંધીજી કહે, "બતાવું ? આ ચમચો તમે મારી ગાદી ઉપર મૂક્યો છે. અહીં મારા પગ પડ્યા છે, એટલે એની પડેલી રજકણ ચમચાને લાગે અને મોંમાં જાય. ચોખ્ખાઈના નિયમ પ્રમાણે એ બરાબર ન કહેવાય."

ચમચો ફરી વાર સાફ કરીને ગાંધીજીને આપવામાં આવ્યો. પછી એમણે ભોજન શરૂ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. વાટકો વીછળવામાં શી ભૂલ થઈ ? માંજેલા ચમચાને ધોતિયાથી કેમ ન લુછાય ? પેલા ભાઈએ છેલ્લી ભૂલ શી કરી ?

૨. નીચેના દાખલામાં ચોખ્ખાઈના નિયમ પ્રમાણે શી ભૂલ થાય છે તે કહોઃ—

૧. ઘરના આંગણામાં દાદાજી વગેરે દાતણ કરે છે. તે જ જગાએથી માટી લઈને રમા વાસણ ઊટકે છે.

૨. રમણ મોંઢે માંડેલો પ્યાલો બીજી વાર પાણી લેવા માટલીમાં બોળે છે.

૩. પોતે પીતાં વધેલું પાણી રમણ નાના ભાઈને પાય છે.

૪. રમણ પાસે સુખડીનો ટુકડો છે. એમાંથી અડધો મધુને આપવો છે. રમણ તે ટુકડાને પહેરણના છેડામાં વીંટાળી દાંતથી ભાંગી તેના બે કકડા કરે છે.

૯. ચાંદલિયો

ચાંદલિયો ચમકંતો આવ્યો.
આભ તણે આંગણિયે આવ્યો,
તારાની રજ લેતો આવ્યો,
નાનકડાં બાલુડાં કાજે
દૂધ સમાં ચાંદરણાં લાવ્યો.
ચાંદલિયો ચમકંતો આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



લાગે મીઠો ને મનગમતો,
વનવગડે ને નગરે ભમતો,
જાણે વાદળની હાંડીમાં
દીવો મોટો છે ટમટમતો.
ચાંદલિયો ચમકંતો આવ્યો.

પોઢ્યાં બાળક નીંદરખોળે,
રમતાં સૌ સપનાને ઝોલે,
રૂપેરી કિરણે મલકંતો,
ચાંદલિયો સૌને હીંચોળે.
ચાંદલિયો ચમકંતો આવ્યો.

---

૧. ચાંદો કેવો લાગતો હતો? એને મોટા દીવા જેવો કેમ કહ્યો છે?
૨. પૂનમનો ચાંદો દોરો. આઠમનો ચાંદો દોરો. બીજનો ચાંદો દોરો.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. મદારીનો ખેલ

ડુગ ડુગ ડુગ !

મદારીની ડુગડુગી વાગી. શેરીનાં છોકરાં એની પાછળ પાછળ જવા લાગ્યાં. મદારી ડુગડુગી વગાડ્યે જતો હતો. એની પાછળ દોરીએ બાંધેલાં માંકડો ને માંકડી હતાં. મદારીની પાછળ પાછળ છોકરાં તાળી પાડતાં ને કૂદાકૂદ કરતાં આવતાં હતાં.

શેરીને નાકે જઈ ને મદારી જરા થોભ્યો. પોતાના ખેલ માટે એણે જગા પસંદ કરી લીધી. છોકરાં આસપાસ ફૂંડાળું વળીને ઊભાં રહ્યાં. પાસેનાં ઘરોના ઓટલા પર બહેનો પણ ભેગી થઈ ગઈ. જતા આવતા લોકો પણ ડોકિયું કરવા લાગ્યા.

મદારીએ લુંગી પહેરી હતી. ઉપર એક ટૂંકો ડગલો પહેર્યો હતો. એને ખભે થેલો હતો. માથે ફાળિયું બાંધ્યું હતું. એની ભરાવદાર મૂછો ને બુલંદ અવાજ બધાંનું ધ્યાન ખેંચતાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં માંકડાં તો જુઓ ! મદારી એમને નામ દઈને બોલાવતો હતો. માંકડાનું નામ નાથિયો ને માંકડીનું નામ રતનબાઈ. માંકડાંને ઝીણી ઝીણી આંખો ને લાલ મોં હતાં. રતનબાઈએ નાનો ચણિયો ને કબજો પહેર્યાં હતાં. નાથિયાએ ટૂંકી ધોતડી પહેરી હતી. બેઉ જણાં કૂદાકૂદ કરતાં હતાં.

ફરી પાછી ડુગડુગી વાગી. મદારીનો ખેલ શરૂ થયો. પહેલાં નાથિયો ઊભો થયો. મદારીએ એને એક ફૂમતાવાળી ટોપી આપી. તે એણે પહેરી. પછી મદારી પાસેથી એક લાકડી લઈ એ માણસની માફક ચાલવા લાગ્યો. મદારી ડુગડુગી વગાડતો જાય ને કહે, "નાથિયા, બધાંને સલામ કર." ડાબા હાથમાં લાકડી પકડી નાથિયો ઊભો રહ્યો ને ધીમે ધીમે ચારે બાજુ ફરીને એણે સૌને સલામ કરી. બધાં છોકરાં આ જોઈ તાળી પાડી ઊઠ્યાં.

પછી નાથિયાએ મદારીના થેલામાંથી એક છાપું કાઢ્યું. કોટના ખીસામાંથી ચશ્માં કાઢી એણે નાક પર લટકાવ્યાં, ને એ તો જાણે છાપું વાંચવા લાગ્યો ! રમણ બોલી ઊઠ્યો, "અરે નાથિયા, છાપું તો ઊંધું પકડ્યું છે!" અમે બધાં ખડખડ હસી પડ્યાં.

હવે રતનબાઈનો વારો આવ્યો. એણે ઊઠીને સૌને સલામ કરી. પછી એ આમતેમ ફરવા લાગી. મદારીએ નાથિયાને એક મોટા પથરા પર બેસાડ્યો, ને એના હાથમાં વાંસળી આપી. નાથિયાએ તે વાંસળી બે હાથે પકડી રાખી. મદારી ડુગડુગી વગાડતો રહ્યો. રતનબાઈ નાચ કરવા લાગી. ડુગડુગી વાગતી જાય ને રતનબાઈ જોસભેર નાચતી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે મદારીએ ડુગડુગી બંધ કરી. પછી નાથિયો જમીન પર આળોટી પડ્યો, ને પેટ બતાવી સલામ કરવા લાગ્યો. રતનબાઈ એ નાથિયાની ટોપી ઉપાડી લીધી, ને બે હાથે પકડીને ઠમક ઠમક ચાલે એ ચારે કોર ફરવા લાગી. અમે બધાંએ રાજી થઇ એમને પાઈ પૈસો આપ્યાં. કોઈ કે ઘરમાંથી લાવીને રોટલો કે ભાખરી માંકડાંને ખવડાવ્યાં. ઓટલા પર ઊભેલી બહેનો પાસેથી મદારીએ પૈસા ઉઘરાવ્યા.

ખેલ પૂરો થયો. મદારી બીજી શેરીમાં જવા ઊપડ્યો.

---

૧. મદારીએ શું શું પહેર્યું હતું? માંકડાંએ કયા ખેલ કર્યા? મદારી પાસે શું શું હતું?

૨. નીચેનાં વડે ખાલી જગા પૂરીને ફરીથી લખો:
ફૂદાકૂદ, ફૂંડાળું, બુલંદ, પકડ્યું, ન્હેસલેર.
૧. મદારીનો અવાજ —— હતો.
૨. રતનબાઈ —— નાચતી હતી.
૩. નાથિયાએ છાપું ઊધું —— હતું.
૪. મદારી પાછળ છોકરાં —— કરતાં આવતાં હતાં.
૫. છોકરાં મદારીની આસપાસ —— વળીને ઊભાં રહ્યાં.

૩. મદારીઓ માંકડાંના ખેલ સિવાય બીજા કયા ખેલ કરે છે? તમે વાંદરું જોયું છે? વાંદરામાં અને માંકડામાં શો ફેર હોય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. આપણે એકસો ને પાંચ



પાંડવો અને કૌરવો પિત્રાઇ ભાઇ હતા. પાંડવો પાંચ હતા. કૌરવો સો હતા. કૌરવોને પાંડવો જરા ય ન ગમે. એમણે દગાથી પાંડવોનું રાજ પડાવી લીધું ને એમને વનમાં મોકલ્યા.

એક દિવસ કૌરવોને થયું, "લાવો ને, જઈને જોઈએ તો ખરા કે પાંડવોને કેવું દુઃખ પડે છે ! આપણો ભપકો તો એમને દેખાડીએ !"

એમ કહી કૌરવો લાવલશ્કર લઈને નીકળી પડ્યા.

વનમાં એક સુંદર સરોવર હતું. એ સરોવરને કાંઠે કૌરવો પડાવ નાખવા ગયા. પણ ત્યાં ગંધર્વોના રાજા ચિત્રસેને મુકામ કરેલો હતો. કૌરવોએ એમને ખસી જવા કહ્યું. પણ પેલા શાના ખસે ? એમાંથી લડાઇ થઈ. ચિત્રસેને કૌરવોને પકડ્યા અને એમના લશ્કરને ભગાડી મૂક્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડવોની ઝૂંપડી નજીકમાં જ હતી. પાંડવોમાં સૌથી મોટા યુધિષ્ઠિર હતા. એમની પાસે કૌરવોના માણસોએ મદદ માગી. યુધિષ્ઠિરે નાના ભાઈઓને કહ્યું, "જાઓ ભાઇઓ, કૌરવોને છોડાવી લાવો."

ભીમ કહે, "છો ને પકડાયા! એ તો એ જ લાગના છે."

યુધિષ્ઠિર કહે, "એમ ન બોલીએ, ભીમ! એ તો આપણા ભાઈઓ છે."

ભીમ કહે, "ભાઈઓ હોય તો આપણને વનમાં કાઢે? ચિત્રસેન છોડી દેશે તો હું એમને પૂરા કરીશ. ઠીક સપડાયા છે."

યુધિષ્ઠિર કહે, "ભાઇ, જ્યારે આપણે અંદર અંદર લડવું હશે ત્યારે સો કૌરવો એક બાજુ ને બીજી બાજુ આપણે. પણ કોઇ ત્રીજો આપણી ઉપર ચઢાઇ કરે ત્યારે તો એની સામે આપણે એકસો ને પાંચ."

પાંડવો કૌરવોને છોડાવી લાવ્યા. કૌરવો આવ્યા તો હતા પાંડવોના દુઃખની મશ્કરી કરવા, પણ એમને હાથે જ એમને છૂટવું પડ્યું. આથી એઓ ઝંખવાણા પડી ગયા ને પોતાની નગરી ભણી ચાલ્યા ગયા.

---

૧. ચિત્રગુપ્ત અને કૌરવો વચ્ચે શું બન્યું? યુધિષ્ઠરે ભીમને શું સમજાવ્યું? કૌરવો છેવટે ઝંખવાણા શાથી પડી ગયા?

૨. નીચેનાંને વાક્યમાં વાપરી બતાવોઃ
પડાવ નાખવો; ભગાડી મૂકવું; છોડાવી લાવવું.

૩. પાંચ પાંડવોનાં નામ આપો.

૪. પિત્રાઈ ભાઈઓ કોને કહેવાય? સગા ભાઈઓ કોને કહેવાય? ઓરમાન ભાઈઓ કોને કહેવાય? મસિયાઈ ભાઈઓ કોને કહેવાય? દૂધભાઈઓ કોને કહેવાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. ડરું ન હું અંધારે

"રાત પડી, ઘર જા ને બાળક,
વઢશે બાપુ તારા;
રમવા ટાણું નથી હવે આ,
ઊગે જોને તારા.

માળામાં પંખી જંપ્યાં છે,
સૂની સીમ જણાયે;
રસ્તા સૂના પડ્યા બધા આ,
વગડો ખાવા ધાયે.

શિયાળ બોલે, તમરાં બોલે,
ઘૂવડ આઘે બોલે;
તારી રાહ હશે સૌ જોતાં,
રખે તને સહુ ખોળે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શીદને આમ ડરાવો મુજને,
ડરું ન હું અંધારે;
ગાન ગમે તમરાંનાં મુજને
ઘૂવડ નહીં ડરાવે.
ગાન ગમે તમરાંનાં મુજને,
જોવા ગમતા તારા;
તારા જોતાં બીક રહે ક્યાં?
એ તો ભેરુ મારા."

---

૧. રાત પડે ત્યારનો દેખાવ કેવો લાગે છે? બાળકને શું શું ગમે છે? તારાને એ પોતાના ભેરુ શાથી કહે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. ઝઘડાનો નિકાલ



મક્કા નામે એક શહેર છે. તેમાં એક જાણીતી મસ્જિદ છે. તે કાબાની મસ્જિદના નામે ઓળખાય છે. મુસલમાન ભાઈઓનું એ મોટું જાત્રાનું ધામ છે. કાબામાં એક કાળો પથ્થર છે. તે ખૂબ પવિત્ર મનાય છે.

એક વાર એ મસ્જિદમાં સમારકામ થતું હતું. તે વખતે એ પથ્થરને ઉઠાવીને બીજે ઠેકાણે મૂકવાની જરૂર પડી. સમારકામ થઈ રહ્યું ત્યારે એને પાછો અસલ જગ્યાએ મૂકવાનો વખત આવ્યો.

એ પવિત્ર કામ કરવા તો સૌ કોઈ તૈયાર થાય ને? તે વખતે ત્યાં રહેતા આરબ લોકોની જુદી જુદી ટોળીઓ વચ્ચે ઝઘડો પડ્યો કે એ પવિત્ર કામ કોણ કરે. દરેક ટોળીની ઇચ્છા એવી હતી કે એ કામ અમે કરીએ. દરેક કહે, "એ કરવાનો હક તો અમારો જ." કોઈ પોતાનો હક છોડવા તૈયાર ન હતું. આખરે એવું નક્કી થયું કે બીજે દિવસે સવારે મુખ્ય દરવાજેથી જે માણસ પહેલો દાખલ થાય, તેની પાસે આ ઝઘડાનો નિકાલ કરાવવો. એ જે કહે તે બધાએ કબૂલ રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્યું એવું કે બીજે દિવસે હજરત મહંમદ પેગંબર સાહેબ જ તે દરવાજેથી પહેલા દાખલ થયા. ઝઘડાનો નિકાલ કરવાનું એમને માથે આવી પડ્યું. પેગંબર સાહેબ ખૂબ પ્રમાણિક અને ન્યાયી હતા. આ કામ એમના હાથમાં ગયું તે બધા આરબોને ગમ્યું.

ઝઘડાનો નિકાલ લાવવાનું કામ મુશ્કેલ હતું. એ વખતના આરબો ખૂબ ખારીલા હતા. કોઈ પણ કારણસર બે ટોળી વચ્ચે વેર થતું તો તે પેઢીઓ સુધી ચાલ્યા કરતું. આથી આ ઝઘડાનો કેવી રીતે નિકાલ લાવવો તેનો મહંમદ સાહેબ વિચાર કરવા લાગ્યા.

થોડી વાર વિચાર કરીને એમણે પોતાની જાડી ચાદર જમીન પર પાથરી તેની ઉપર પેલો પથ્થર મૂકયો. પછી એમણે દરેક ટોળીના એક એક માણસને એ ચાદરનો એક એક છેડો પકડવા કહ્યું. એ રીતે બધી ટોળીના આગેવાનોને હાથે એમણે એ પથ્થર એની અસલ જગ્યાએ પાછો મુકાવ્યો.

મહંમદ સાહેબનો ન્યાય જોઈ સૌ રાજી થયા ને એમનાં વખાણ કરતા કરતા છૂટા પડ્યા.

---

૧. આરબોની ટોળીઓ વચ્ચે શી બાબતની તકરાર હતી? મહંમદ સાહેબ ઝઘડાનો નિકાલ લાવે તે સૌને શાથી ગમ્યું? ઝઘડાનો નિકાલ એમણે શી રીતે આણ્યો?

૨. થોડાંક જાત્રાનાં ધામોનાં નામ આપો.

૩. હજરત મહંમદ પેગંબર સાહેબ વિષે બીજી કોઈ વાતો જાણતા હો તો કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪. ત્રણ માછલીઓ

એક તળાવ હતું. તેમાં ત્રણ માછલીઓ રહે.

એક દિવસ ત્રણ માછીઓ ફરતા ફરતા ત્યાં આવી ચઢ્યા. એક કહે, "તળાવ સારું છે." બીજો કહે, "માછલાં પણ સારાં લાગે છે." એટલે ત્રીજો કહે, "તો કાલે અહીં જ જાળ નાખીએ."

બીજે દિવસે એ તળાવમાં જાળ નાખવાનું નક્કી કરીને માછીઓ ચાલ્યા ગયા. પણ પેલી ત્રણ માછલીઓ એમની વાત સાંભળી ગઈ હતી. તે ભેગી થઈને વિચાર કરવા લાગી.

પહેલી કહે, "હવે અહીંથી આજ ને આજ ખસવું જોઈએ. કાલે જરૂર આ લોકો આપણને પકડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી કહે, "કાલની વાત કાલે. આજથી એની ચિંતા શી ?"

ત્રીજી કહે, "ચિંતા કર્યે શું વળવાનું છે ? થાય તે જોયા કરો."

પહેલી કહે, "હું તો સામે કાંઠે આ ચાલી. જે કરવું હોય તે આજ ને આજ."

બીજી કહે, "માછીઓ આવે તો ખરા ! આવશે ત્યારે જોયું જશે."

ત્રીજી કહે, "હવે મૂકો ને એ વાત. થવાનું હશે તે થશે."

પહેલી માછલી તો તે જ ઘડીએ સામે કાંઠે ચાલી ગઈ. બીજી બે ત્યાં જ રહી.

બીજે દિવસે માછીઓએ તળાવમાં જાળ નાખી. બંને માછલીઓ તેમાં સપડાઈ ગઈ. બીજી વિચાર કરવા લાગી કે હવે છૂટવું શી રીતે ? એને એક યુક્તિ સૂઝી આવી. મરેલી હોય એવો દેખાવ કરી એ જાળમાં પડી રહી. માછીઓએ એને મરેલી ધારી પાછી તળાવમાં ફેંકી દીધી. ત્રીજી માછલીને તો માછીઓ ઉપાડી ગયા.

---

૧. માછીઓની વાત સાંભળી માછલીઓએ શું નક્કી કર્યું ? આ ત્રણે માછલીઓમાંથી તમને કઈ માછલીની વાત ગમી ?

૨. તળાવમાં માછલી ઉપરાંત બીજાં કયાં પ્રાણીઓ જોવા મળે છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫. ભરત



દશરથ નામે રાજા હતા. એમને કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી નામે ત્રણ રાણીઓ હતી. એમને ચાર પુત્રો હતાઃ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. એમાં કૌશલ્યાના પુત્ર રામ સૌથી મોટા હતા.

દશરથ ઘરડા થયા એટલે એમણે રામને ગાદીએ બેસાડવાનો વિચાર કર્યો અને તેની તૈયારી કરવા માંડી. આ જોઈ ને નાની રાણી કૈકેયીને થયું કે, રામ રાજા થાય તો પછી મારું શું? રાજા તો મારો ભરત જ થવો જોઈએ.

એ તો ગઈ રાજા પાસે, અને કહે, "મહારાજ, તમે મને બે વરદાન આપ્યાં હતાં તે યાદ છે ને?"

રાજા કહે, "હા, રાણી, બોલો, તમારે શું જોઈએ છે?"

રાણી કહે, "એક તો એ કે ભરત ગાદીએ બેસે. અને બીજું એ કે રામ ચૌદ વરસ વનમાં જાય."

આ સાંભળી દશરથનો તો જાણે જીવ ઊડી ગયો. એમણે બીજું કંઈ માગવા કૈકેયીને બહુ સમજાવી, પણ તે એકની બે ન થઈ. તે કહે, "મેં તો મારે માગવું હતું તે માગ્યું. આપવું ન આપવું તમે જાણો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા તો ભારે મુઝવણમાં પડ્યા. પણ વચન પાળ્યા વગર કંઈ ચાલે? આખરે એમણે હા પાડી.

દશરથની આજ્ઞા થતાં રામ વનમાં જવા તૈયાર થયા. સીતા અને લક્ષ્મણ પણ એમની સાથે જવા નીકળ્યાં. રામ સૌને વહાલા હતા. દશરથને તો જીવ કરતાં પણ વધારે હતા. રામ જતાં જ એઓ બેભાન થઈને જમીન ઉપર ઢળી પડ્યા. "હે રામ, હે રામ" કરતાં એમણે દેહ છોડ્યો.

★

ભરત આ વખતે મોસાળ હતો. સમાચાર મળતાં એ આવી પહોંચ્યો. આવીને એણે બધી વાત જાણી. એણે કૈકેયીને કહ્યું, "મા, મા, તેં આ શું કર્યું? રાજ્ય તે મને હોય કે મોટાભાઈને? તારું માગેલું રાજ્ય મારે નથી જોઈતું."

એમ કહી એ તો રામને વનમાંથી પાછા લાવવા ચાલ્યો. એની સાથે ગુરુ વસિષ્ઠ, માતાઓ અને અયોધ્યાના ઘણા લોકો પણ ચાલ્યા.

વનમાં રામ, લક્ષ્મણ અને સીતા એક ઝાડ નીચે બેઠેલાં હતાં. ત્યાં આ બધાં આવી પહોંચ્યાં. ભરત દોડતો જઈને રામને પગે પડ્યો, અને બોલ્યો. "મોટાભાઈ, પાછા ફરો. મારી માતાનો વાંક ભૂલી જાઓ. પિતાનું રાજ્ય સંભાળો."

કૈકેયીએ પણ ખૂબ કાલાવાલા કર્યા. પણ રામનો જવાબ એક જ હતો, "પિતાનું વચન તો આપણે પાળવું જ જોઈએ. એમનો બોલ ન ઉથાપાય. ચૌદ વરસ તો હમણાં ચાલ્યાં જશે. ત્યાં સુધી તું રાજ્ય સંભાળ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરત કહે, "જેવી તમારી આજ્ઞા. પણ જે દિવસે ચૌદ વરસ પૂરાં થશે તે દિવસે તમે ન આવ્યા તો હું બળી મરીશ. તમે તમારા પગની પાવડીઓ મને આપો. તેને ગાદી ઉપર મૂકી હું રાજ્ય કરીશ."

ભરતની વાત સાંભળી રામનું હૈયું ભરાઈ આવ્યું. ભરતને એઓ ના ન પાડી શક્યા. એમણે પોતાની પાવડીઓ એને આપી. તે લઈ ભરત અને સાથેનાં બધાં અયોધ્યા પાછાં આવ્યાં. પણ ભરતે અયોધ્યામાં પગ ન મૂકયો. એણે નગર બહાર જ એક ઝૂંપડી બનાવી. તેમાં ગાદી ઉપર રામની પાવડીઓ પધરાવી, અને પોતે રામના સેવક તરીકે રાજ્ય સંભાળવા લાગ્યો.

ચૌદ વરસ પૂરાં થયાં. રામ લંકાના રાવણને મારી, સીતા ને લક્ષ્મણ સાથે પાછા આવ્યા. આવવાના સમાચાર હનુમાન સાથે એમણે મોકલાવ્યા હતા. રામ આવ્યા એટલે ભરત દોડીને એમને પગે પડ્યો. ભરતે પણ રામની સાથે જ ચૌદ વરસે અયોધ્યામાં પગ મૂકયો.

---

૧. કૈકેયીએ કયાં બે વરદાન માગ્યાં? દશરથનું મૃત્યુ શાથી થયું? ભરતને માની વાત કેમ ન ગમી? ભરતે શી રીતે રાજ્ય કર્યું?

૨. નીચેનાં વાપરીને વાકયો બનાવો :—

જીવ ઊડી ગયો; મુઝવણમાં પડ્યો; વચન પાળીશ; કાલાવાલા કરે છે; દેહ છોડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. લે ને તારી લાકડી

લે ને તારી લાકડી ને લે ને તારી કામળી,
વાછરું ચરાવવા નહિ જાઉં, માવલડી.
માખણ તો બળભદ્રે ખાધું,
અમને મળી ખાટી છાશલડી.—લે ને૦

વૃંદાવનને મારગ જાતાં,
પગમાં ચૂભે છે ઝીણી કાંકરડી.—લે ને૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદુર મોર ને પંખી બોલે;
ખિજવે કહી કાળી કરસનડી.—લે ને૦

મીરાંકે પ્રભુ ગિરિધર નાગર;
ચરણ-કમળ ચિત્ત રાખલડી.—લે ને૦

---

૧. કૃષ્ણ ગાયો ચરાવવા જવાની શા માટે ના પાડે છે? કૃષ્ણ મા આગળ શી શી ફરિયાદો કરે છે?

૧૭. આગગાડી



ગઇ કાલે અમારા વર્ગનાં બધાં છોકરાં સ્ટેશન જોવા ગયાં હતાં. સ્ટેશન પર અમે ઘણું ઘણું જોયું, પણ એક વાત ન સમજાઈ. આ આગગાડી ચાલે છે કેવી રીતે? એને નથી બળદ કે ઘોડા જોડ્યા; નથી ઊંટ કે હાથી જોડ્યા! તો એને ચલાવતું કોણ હશે?

અમે સૌ પાછાં ફરતાં અંદર અંદર એની જ વાતો કરવા લાગ્યાં. આગગાડીને એંજિન જોડેલું હતું. એ એંજિનને કોઈ જ ખેંચતું ન હતું. પણ એ એંજિન ગાડીને ખેંચતું હતું. એ એંજિન શી રીતે ચાલતું હશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે વર્ગનું કામ શરૂ થયું કે તરત જ અબ્દુલ બોલ્યો, "લતાબહેન, એક વાત પૂછું ?"

લતાબહેન બોલ્યાં, "પૂછ ને."

અબ્દુલ કહે, "એંજિન શી રીતે ચાલતું હશે ?"

લતાબહેન કહે, "એનો જવાબ હું આપું તે પહેલાં એ એંજિને કાલે શું શું કર્યું તે મને કહો જોઈએ."

રમણ કહે, "ગાડી ઊભી રહ્યા પછી એંજિન છૂટું પડીને પાણીના નળ પાસે ગયું. સૂંઢવાળા ભૂંગળામાંથી એણે પાણી લીધું. પાછું આવીને તે ડબાઓ સાથે જોડાઈ ગયું. પછી તેણે જોસભેર વરાળ છોડીને પાવો વગાડ્યો. પછી ગાડી ઊપડી ગઈ."

લતાબહેન કહે, "એ એંજિનમાં તમે શું શું જોયું ?"

બળવંત કહે, "કોલસા."

યજ્ઞેશ કહે, "ધગધગતો દેવતા."

લતાબહેન કહે, "એંજિનમાં પાણી અને દેવતાનું શું કામ?"

કેકીને કંઈક સમજ પડી. તે કહે, "દેવતા પાણીને ઉકાળીને તેની વરાળ કરે. એ વરાળ છોડીને જ એંજિને પાવો વગાડ્યો હતો."

લતાબહેન કહે, "બરાબર. એ વરાળ પાવો વગાડે છે, તેમ એંજિનનાં પૈડાં પણ ચલાવે છે. એંજિન ચાલે એટલે આગગાડી પણ ચાલે. વરાળનું જોર પુષ્કળ હોય છે."

સોરાબ કહે, "વાહ, આ તો ખરી કરામત !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાબહેન કહે, "એ શોધ તમારા જેવા એક છોકરાએ જ કરી હતી. સાંભળો એની વાત કહું."

બધાં છોકરાં ટટાર બેસી ધ્યાન દઈને વાત સાંભળવા લાગ્યાં.

---

૧. એંજન શી રીતે ચાલે છે તે કહો. આગગાડી શી રીતે ચાલે છે?
૨. જુદાં જુદાં વાહનોની યાદી કરો. એમાંનું દરેક શા વડે ચાલે છે તે કહો.

૧૮. વરાળનું બળ



લતાબહેને વાત કહેવા માંડી.

તમારા જેવો એક છોકરો હતો. એ રસોડા પાસે બેઠો હતો. ચાદાનીમાં પાણી ઊકળતું હતું. થોડી વારમાં ચાદાનીના નાળચામાંથી ભપ ભપ વરાળ નીકળવા માંડી. આ જોઈ છોકરાને આશ્ચર્ય થયું. પછી પાણી વધારે ઊકળ્યું અને બોલવા લાગ્યું. પછી તો નાળચામાંથી વરાળની સેર નીકળવા લાગી. છોકરાએ ચમચા વડે નાળચાને બંધ કરી જોયું, તો તરત જ ચાદાનીનું ઢાંકણું ઊંચુંનીચું થવા લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાને થયું, "અરે, અંદર કોઈ છે કે શું?"

પણ તરત જ એને ખરી વાત સમજાઈ. એ મનમાં બોલ્યો, "ઓહો, આ તો વરાળનું કામ છે ને!" પછી એણે ઢાંકણું ઢાબી દીધું અને ચમચો નાળચા પાસેથી ખસેડ્યો. નાળચા-માંથી વરાળ જોસથી નીકળવા લાગી. હવે એણે નાળચું ઢાંકવા ચમચો ધર્યો, તો વરાળે ધક્કો મારી તેને ખસેડી નાખ્યો.

છોકરાને થયું, "વાહ! વરાળનું જોર કેટલું બધું છે! આ વરાળને નળીમાં ભરું તો પોતાના જોરથી તે ભારે ચીજને પણ ખસેડે જ ને!"

પછી તો એ રોજ વરાળના જ વિચાર કરવા લાગ્યો અને મોટો થયો ત્યારે એણે એક એવી નળી બનાવી પણ ખરી. તેમાંથી નીકળતી વરાળ લોઢાનાં મોટાં મોટાં ચક્કરો પણ ફેરવી શકતી. પછી તો વરાળથી સંચા ચાલવા શરૂ થયા.

વખત જતાં વરાળની મદદથી ફરતાં પૈડાંવાળા એંજિનની શોધ થઈ. એટલે એંજિન થયું. એંજિન ડબાઓને ખેંચવા લાગ્યું ને આગગાડી ચાલવા લાગી.

બધાં છોકરાં કહે, "વાહ, આ તો ઘણું સરસ!"

લતાબહેન કહે, "ચાલો, આપણે પેલું આગગાડીનું ગીત ગાઈએ."

અમે સૌ ગાવા લાગ્યાં:

ગડ ગડ ગડ ગડ ગાડી,
દોડી જાય અગાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. ઊંચુંનીચું, કાળુંધોળું, આવાં બીજાં શબ્દજોડકાં આપો.
૨. નીચેનાં વડે ખાલી જગા યોગ્ય રીતે પૂરોઃ—
ઊંચુંનીચું, નળી, ડબ્બાઓને, આશ્ચર્ય.
૧. ચાદાનીના નાળચામાંથી વરાળ નીકળતી જોઈ છોકરાને _____ થયું. ૨. નાળચું બંધ થતાં ચાદાનીનું ઢાંકણું _____ થવા લાગ્યું. ૩. વરાળને _____ માં ભરવાથી તેની સેર ભારે ચીજોને પણ ખસેડી શકે. ૪. પૈડાં ફરવાથી એંજિન ચાલે છે અને તે ખેંચી જાય છે.

૩. ચાદાનીમાં પાણી ભરી આ પાઠમાંનો પ્રયોગ શાળામાં કરી જોજો.

૧૯. ગલૂડિયાં

કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં,
ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે.
હાલો ગલૂડાં રમાડવા જી રે.

માડીને પેટે ચસ ચસ ધાવે,
વેલે ચોંટ્યાં જેમ તૂરિયાં રે.—હાલો૦

માતાને માથડે ચડતાં ને ચાટતાં,
જોગણનાં જાણે લટૂરિયાં રે.—હાલો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતાં માતાં ને રોમરોમે સુંવાળાં,
હોય મોડાં ગાલમસૂરિયાં રે. – હાલો૦

બાને વહાલાં છે જેમ વીરો ને બહેની,
કાળવીને વહાલાં કુરકુરિયાં રે. – હાલો૦

મોટાં થશે ને મારી શેરી સાચવશે,
જાગશે રાતે બહાદુરિયાં રે. – હાલો૦

ગોળ ઘી લોટના શીરા બનાવ્યા,
કાળુડીનાં પેટડાં પૂરિયાં રે. – હાલો૦

પેટ ભરી માડી બાળક ધવરાવે,
ધાવીને પોઢે ટીપુડિયાં રે. – હાલો૦

---

૧. ગલૂડિયાં ધાવે છે ત્યારે કેવાં લાગે છે? બાળકો કાળુડીની ચાકરી કેવી રીતે કરે છે? ગલૂડિયાં મોટાં થઈને શાં શાં કામ કરશે?

૨. કૂતરાનું બચ્ચું 'ગલૂડિયું' કહેવાય. ગાય, ભેંશ, બકરી અને ઘોડાના બચ્ચાને શું કહે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦. આંધળો અને લંગડો

એક આંધળો હતો. તે એક વાર ભૂલો પડ્યો. જમીન ખાડાટેકરાવાળી હતી. આસપાસ કોઈનો અવાજ સંભળાતો ન હતો. લાકડી આમ ઠોકે ને તેમ ઠોકે, પણ એને રસ્તો જડે નહિ. એમ કરતાં કરતાં તડકો કુમળો થઈ ગયો. પંખીઓ બોલતાં બોલતાં માળા તરફ જવા લાગ્યાં. એટલે આંધળો સમજ્યો કે સાંજ તો પડી ગઈ. હમણાં રાત પડશે. અને આ વગડામાં જંગલી જાનવરો મને મારી નાખશે. અરેરે! અહીં કોણ મને રસ્તો બતાવશે?

આખો દિવસ રખડી રખડીને એ થાકી ગયો હતો. એવામાં એણે એક ખોંખારો સાંભળ્યો. આંધળો તે તરફ ગયો અને બોલ્યો, "હું આંધળો છું. તમે મને રસ્તે ચડાવી દેશો?"

પેલા માણસે કહ્યું, "ભાઈ, મારે પણ આગળ જવું છે, પણ શી રીતે જવાય? તમે આંધળા છો તો હું લંગડો છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને આંધળો કહે, " ભાઈ, તમે જરાય મુઝાશો નહિ. હું આંધળો છું પણ શરીરે મજબૂત છું. તમે મારે ખભે બેસી જાઓ ને મને રસ્તો બતાવો. ઘડી વારમાં આપણે ગામમાં પહોંચી જઈશું. "

લંગડાને આ વાત ગમી ગઇ. એ આંધળાના ખભા ઉપર બેસી ગયો. એ રસ્તો બતાવે તેમ આંધળો ચાલે. એમ કરતાં કરતાં તેઓ થોડી વારમાં મોટા રસ્તા ઉપર આવી પહોંચ્યા. લંગડો કહે, " હવે મને નીચે ઊતરવા દો. તમને થાક પણ લાગ્યો હશે. હવે હું મારે ગમે તેમ કરીને ગામમાં પહોંચી જઇશ. "

પણ આંધળાએ કહ્યું, " ના ભાઇ. હવે તો આપણે સાથે જ ગામમાં જઇશું. "

થોડી વારમાં એક ગામ આવ્યું. ત્યાંના લોકો આ બે જણની જોડીને જોઈને તેમની અક્કલનાં વખાણ કરવા લાગ્યા.

એ બેઉને પણ એવું ફાવી ગયું કે પછી તો તેઓ સાથે જ ફરવા લાગ્યા.

---

૧. સાંજ પડવાની ખબર આંધળાને શી રીતે પડી ? આંધળા તથા લંગડાએ એકબીજાને શી રીતે મદદ કરી ? લોકો શું જોઈને રાજી થયા ?

૨. થોડાં જંગલી જાનવરોનાં નામ આપો.

૩. કોઈ આંધળો તમારી મદદ માગે તો તમે શું કરો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧. પરોઢનો આનંદ



શિયાળાના દિવસ હતા. લોકો વહેલા ઊઠે. કોઈ ખેતરમાં કામે જાય, કોઈ ફરવા જાય, તો કોઈ નદીએ નાહી-ધોઈ પૂજાપાઠ કરવા બેસી જાય. અમારા ઘરમાં તો સૌ વહેલાં જ ઊઠે. બા વહેલી ઊઠી ગાય દોહે, વલોણું કરે કે ઘરનું બીજું કામકાજ કરે.

મને પણ વહેલા ઊઠી કામ કરવાનું મન થયું. મોટાભાઈ રોજ પરોઢિયે વાડીએ જતા. મેં તેમને એક દિવસ પૂછ્યું, "મોટાભાઈ, હું તમારી સાથે વાડીએ આવું?"

"વાડીએ આવીને તું શું કરીશ?"

"તમે બતાવશો તે કામ," મેં જવાબ આપ્યો.

"એમ!" એમનું મોં મલકયું. "તને કયું કામ સોંપાય? તું તો બહુ નાનો છે!" તે બોલ્યા.

"કેમ, મને રહેંટ ફેરવતાં નહિ આવડે?" હું બોલ્યો.

સાંભળીને મોટાભાઈ હસ્યા ને બોલ્યા, "વારુ, ત્યારે કાલે મારી સાથે આવજે. પણ જોજે, વહેલા ઊઠવું પડશે, હોં!"

બીજે દિવસે પરોઢિયે મોટાભાઈએ મને જગાડ્યો. હું તરત પથારીમાંથી ઊભો થઈ ગયો. દાતણ વગેરે કામમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝટપટ પરવારી હું તૈયાર થઈ ગયો. પછી અમે વાડીએ જવા નીકળ્યા. બહાર મજાની ઠંડી પડતી હતી. આકાશ કેવું સુંદર લાગતું હતું! તારાઓ બધા આકાશમાં ચમકતા હતા.

મોટાભાઈએ ઉત્તર દિશા તરફ આંગળી ચીંધી મને કહ્યું, "જો, પેલો ધ્રુવનો તારો. એ ત્યાં ને ત્યાં જ રહે છે. બીજા તારા આઘાપાછા થતા દેખાય છે; પરંતુ આ જરા પણ આઘોપાછો થતો નથી. અને પેલા સાત તારા જોયા? એમને સપ્તર્ષિ કહે છે. એ બધા ધ્રુવની આસપાસ ફરતા જણાય છે. પશ્ચિમમાં પેલું તારાનું ઝૂમખું દેખાય છે તે જો. એને આપણા લોકો હરણું કહે છે. એને જોઈને રાત કેટલી વીતી છે તે જાણી શકાય છે.

વાતો કરતાં કરતાં અમે વાડીએ પહોંચી ગયા. વાડીમાં રહેંટ ખટૂકતો હતો. પંખીઓ કલરવ કરી રહ્યાં હતાં. પૂર્વમાં જાણે તેજનો ફુવારો ઊડતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે કૂવા પર પહોંચ્યા. હું રહેંટ ચલાવવા લાગ્યો. છનિયાને પાણી વાળવા મોકલ્યો મોટાભાઇ પણ થોડી વાર પછી ગયા. દિવસ થોડા ચઢ્યો એટલે હાથમાં શેરડીના સાંઠા લઇને મોટાભાઇ આવ્યા ને બોલ્યા, "લે, આ શેરડી ખા. આજ તો તેં બહુ કામ કર્યું!"

એ દિવસે મને બહુ મજા પડી. ત્યારથી હું રોજ વાડીએ જાઉં છું ને મોટાભાઇને કંઈ ને કંઈ કામ કરવા લાગું છું.

---

૧. ધ્રુવનો તારો દેખાય છે તે કઈ દિશા? સૂરજ ઊગે તે કઈ દિશા કહેવાય? ઊગતા સૂરજ સામે ઊભા રહો. તમારી પીઠ તરફની દિશા કઈ? જમણા હાથ તરફની દિશા કઈ? ડાબા હાથ તરફની દિશા કઈ?

૨. પરોઢિયે તમારી શેરીમાં શું શું થાય છે તે કહો.

૩. ખેતી માટે કૂવામાંથી પાણી કાઢવાની જુદી જુદી રીતો કઈ છે?

૨૨. માધુ ટપાલી

માધુ ટપાલીને અમારા ગામમાં સૌ કોઈ ઓળખે. રોજ સવારના નવ દસ વાગે એટલે અમે એની વાટ જોવા માંડીએ. અમારા ગામમાં ટપાલ ઑફિસ તો નથી. પણ માધુ ટપાલી બે ગાઉ દૂરથી રોજ ટપાલની થેપ લઈને આવે છે.

સવારના દસેક વાગ્યે કોઇના ભારે જોડાનો અવાજ સાંભળીએ એટલે અમે જાણી જઇ એ કે માધુકાકા ટપાલ લાવ્યા. એમનો પોશાક તો જુઓ! એમણે ધોતિયાનો કછોટો માર્યો છે. ઉપર ખાખી રંગનો ડગલો છે. માથે ફેંટો બાંધ્યો છે. વળી જુઓ, નાકના ટેરવા સુધી એમનાં ચશ્માં નમી ગયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાનમાં એક સીસાપેન ખોસી છે. ખભા પર ટપાલનો એક મોટો થેલો લટકે છે.

એમના હાથમાં પણ થોડા કાગળો છે. માધુકાકાની ઉંમર આમ તો પચાસેકની હશે. એમની મૂછો પણ ધોળી થવા આવી છે. છતાં એ તો ધબ ધબ પગલાં ભરતા ચાલ્યા આવે છે.

માધુકાકા અમારા ગામના ટપાલી. એ અમારે સારુ ગામ-ગામથી કાગળો લાવે છે. મકન પટેલનો દીકરો મુંબઇમા ભણે છે, તેના કાગળ લાવે છે. જીવુમાશીનો ઈશ્વર અમદાવાદમાં નોકરી કરે છે. દર મહિને એ પોતાની બાને પંદર રૂપિયા મોકલે છે. માધુકાકા તેનો મનીઑર્ડર લાવે છે, ત્યારે જીવુમાશી રાજી રાજી થઈ જાય છે. મારા ભાઈબંધો વડોદરા સહેલ કરવા ગયા છે. તેમના કાગળ પણ માધુકાકા લાવે છે. અમે સૌ એમની કાગને ડોળે વાટ જોઈ એ છીએ.

માધુ ટપાલી બહુ ગમતી. કાળા પટેલનું નામ તો એ એવો લહેકો કરીને બોલે કે તે સાંભળીને ફળિયાના લોકો બહાર નીકળી આવે. બધા એમની પાસે કાગળ માગે. પણ બધાના કાગળ રોજ રોજ ક્યાંથી આવે! કોઈ ડોસીમા દીકરાએ મોકલેલાં નાણાંની રાહ જોઈ બેઠાં હોય. પૈસા આવતાં બેચાર દિવસ મોડું પણ થાય. આવા લોકોને બે મીઠા બોલ કહીને માધુકાકા હસતા હસતા આગળ જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામનાં છોકરાં તો એમની પૂંઠે પૂંઠે જાય. પણ ટપાલીકાકા ચિડાય નહિ. કોઇ વાર પાછા ફરીને ચિડાવાનો ડોળ કરે. પણ છોકરાંઓને નાસી જતાં જોઈને હસી પડે. છોકરાં પણ હસતાં હસતાં પાછાં ફરે. કોઇકિ વાર તો તે અમને એક બે ખાટીમીઠી પણ આપે.

ટપાલ વહેંચીને માધુકાકા ગામને ચોરે મુકામ કરે. કૂવે નાહી ધોઈ ને મહાદેવને ફૂલપાંદડી ચડાવી આવે. પછી સાથે આણેલો ડબ્બ ખોલીને એઓ શાકરોટલો ખાઇ લે. બપોરના થોડો વખત ટપાલના થેલા પર માથું મૂકી આરામ લે.

નમતે પહોરે માધુ ટપાલી પોતાને ગામ જવાની તૈયારી કરે. ગામની ટપાલપેટીમાંથી કાગળો કાઢી થેલામાં મૂકે. પછી સવારે જેવા આવ્યા હતા તેવા જ પાછા ચાલ્યા જાય.

માધુ ટપાલી ન હોય તો અમારાં સગાંસંબંધીના ખબર અમને શી રીતે મળે, વારુ ?

૧. માધુ ટપાલી શું શું લાવે છે ? તે સૌને કેમ ગમે છે ?

૨. તમારા મોટાભાઈ પર એક કાગળ લખો.

૩. એ કાગળ મોટાભાઈને શી રીતે પહોંચશે તે કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩. કાપણી

ભર્યાં ભર્યાં ખેતરમાં જુઓ,
સોનું છલકી જાય!
સોના જેવો પાક થયો છે,
જોતાં સૌ હરખાય.

શિર પર આભ હસે છે ભૂરું,
વાદળી રમતી જાય;
હિલોળા લેતાં ખેતર પર
છાયા શી લહેરાય.

ડૂંડાંની મૂઠીમાં કેવા
મોતીકણ સોહાય!
જ્યાં હો ત્યાંથી આવો દોડી,
અવસર ચાલ્યો જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજ ત્રીજના ચાંદા જેવું
દાતરડું લઈ હાથ
તારા જેવા ધાન્યકણોને
લણવા આવો સાથ.

સાથે લણુને, ઝૂકી લણુને,
લણુને બેઠાં સાથ!
લણુને ગીતો ગાતાં ગાતાં,
લણુને સૌ સંગાથ!

---

૧. કાપણીનો સમય આવે ત્યારે ખેતર કેવાં લાગે છે? ખેતરોમાં સોનું શી રીતે છલકાઈ જાય છે? દાતરડાને શાની સાથે સરખાવ્યું છે? ડૂંડામાંના દાણાને કેવા કહ્યા છે?

૨. ૫૦મા પાના પરનું ચિત્ર ધ્યાનપૂર્વક જુઓ. એના પરથી પાંચ વાક્યો લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪. સફાઈ

પોષ મહિનો પૂરો થવા આવ્યો હતો. ઠંડી જોરમાં પડતી હતી. ઝાડ પરથી પાંદડાં ખરતાં હતાં. જ્યાં જુઓ ત્યાં ખરેલાં પાંદડાંના ઢગલા વળતા હતા.

એક દિવસ અમારાં લતાબહેને અમને પૂછ્યું, "બધે આ પાંદડાં વેરાયેલાં પડ્યાં છે તે તમને ગમે છે?"

"કાગળના ડૂચા જેટલાં એ ખરાબ નથી લાગતાં." રમેશે જવાબ આપ્યો.

લતાબહેન હસ્યાં અને બોલ્યાં, "વાહ રમેશ, તેં કેવી સરસ વાત કહી! કાગળના ડૂચા ઠેર ઠેર રખડતા હોય એ એમ બતાવે છે કે આપણે સૌ એદી છીએ, ખરું ને?"

"હા", રમેશે જવાબ આપ્યો; અને એણે ઉમેર્યું, "વળી, આપણે બેદરકાર છીએ એવું પણ એ બતાવે છે."

"અને આપણને ગંદકીની સૂગ નથી, એવું પણ એ બતાવે છે." તારા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લતાબહેન બોલ્યાં, "તમે સૌ સફાઇ વિષે ઠીક ઠીક સમજવા મંડ્યાં છો. આજે આપણે શેની સફાઇ કરવાની છે? ચાલો, આપણું ચોગાન ચોખ્ખું કરીશું?"

અમે સૌએ હા પાડી. થોડી વારમાં અમે સાવરણા, પાવડા, ટોપલીઓ, વગેરે લઇ સફાઇ કરવા નીકળી પડ્યાં. જોતજોતામાં આખું ચોગાન ચોખ્ખું થઇ ગયું. ઠેર ઠેર અમે પાંદડાંના મોટા મોટા ઢગ કરી દીધા. પછી લતાબહેને અમને સૌને ભેગાં કર્યાં અને કહ્યું, "આ પાંદડાંના ઢગલાનું હવે શું કરીશું?"

"તાપણું વળી," નઝીરે જવાબ આપ્યો.

"હા, હા, લતાબહેન, બહુ મજાનું તાપણું થશે," રાધા બોલી.

"હા, હા, ઠંડી પણ ઊડી જશે. દીવાસળી લઈ આવું?" ડેવિડ બોલ્યો.

એ સાંભળતાં લતાબહેન હસવા મંડ્યાં. તે બોલ્યાં, "તમારે તાપણું કરવું હોય તો જરૂર કરજો. પણ તે પહેલાં મારા એક બે સવાલના જવાબ આપો."

"હા, બહેન. ઝટ સવાલ પૂછો કે પછી તરત તાપણું થાય," જાણે ઠંડી ચઢી ગઇ હોય એમ હોઠ હલાવતી તારા બોલી.

"વારુ, ત્યારે જુઓ. આ ઢગલા બાજરીમાં ફેરવાઇ જાય તો તમે તેનું તાપણું કરો?"

"બાજરીના ઢગનું તે કંઈ તાપણું થતું હશે, બહેન?" રમણ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ચારુ, એ તો સમજાયું. પણ કહો જોઈએ, આ બધા ઢગ સોનાના થઈ જાય તો તમે એનું તાપણું કરશો?"

"કેવું પૂછો છો તમે, બહેન?" રેહાના બોલી. "તમે તો અમને ગાંડાં જ માનતાં લાગો છો."

આ સાંભળી લતાબહેન હસવા લાગ્યાં, અને બોલ્યાં, "કેવી ચિડાઈ ગઈ છે, રેહાના! તમે કોઈ યે ગાંડાં નથી. પણ આ પાંદડાંના ઢગલાનું તાપણું કરવાની તમે વાત કરી તે તો મને ગાંડાં માણસોની વાત જેવી જ લાગી."

"તે કેવી રીતે, બહેન? અમને સમજાવો," ચારુ બોલી.

એટલામાં ઘંટ સંભળાયો. એ સાંભળતાં લતાબહેન બોલ્યાં, "આજ હવે સમય પૂરો થઈ ગયો છે, એટલે કાલે તમને એ સમજાવીશ."

પછી લતાબહેનની વાત પર વિચાર કરતાં કરતાં અમે ઘેર ગયાં.

---

૧. પોષ માસમાં કઈ ઋતુ હોય છે? પાંદડાંના ઢગલાનું બધાં બાળકો શું કરવાં માગતાં હતાં?

૨. સફાઈના કામ માટેનાં સાધનોની યાદી કરો.

૩. શેરીની અને ગામની સફાઈ શા માટે કરવી જોઈએ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫. સોના જેવું ખાતર



આજે પણ કાલના જેવી જ ગુલાબી ઠંડી હતી. કાલની જેમ જ અમે સફાઈકામ માટે નીકળી પડ્યાં. કામ કરતાં કરતાં ચારુએ વાત ઉપાડી.

"બહેન, કાલની અધૂરી વાત પૂરી કરો ને? આ પાંદડાંના ઢગલાને બાળવામાં ખોટું શું છે?"

"જુઓ, આ પાંદડાં બહુ કીમતી છે. એને ખાડામાં નાખી કોવડાવીએ તો એમાંથી ખાતર થાય."

"બહેન, પાંદડાંને બાળવાથી પડતી રાખ વડે પણ જમીન વધારે સારી થાય છે. આપણા ખેતરમાં પેલું ખડ ને સુકાઈ ગયેલા છોડ ને એવું બધું હતું તે તમે જ અમારી પાસે બળાવ્યું હતું તે ભૂલી ગયાં?"

"હા, બહેન," દીના બોલી. "તમે વળી એમ પણ કહ્યું હતું કે આમ કરવાથી જમીન ખૂબ ફળાઉ થાય છે. એથી બેડૂતો ઘણી વાર પોતાનો ખેતરોમાં કચરો બાળે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સાચી વાત છે. પણ એમાં ફેર જરૂર છે જ. હવે કહો જોઈએ, આ ઢગનું તમે જ્યાં તાપણું કરવા માગતાં હતાં, તે જગા તમે શા ઉપયોગમાં લો છો?"

"રમવાના," રમેશ બોલ્યો.

"બરાબર. એટલે તમે એમાં કંઈ ઉગાડવાનાં નથી, બરું ને?"

"હા," અમે બોલ્યાં.

"તો અહીં તાપણાં કરો એ બધું નકામું જ જવાનું ને?"

અમને અમારી ભૂલ તરત જ સમજાઈ ગઈ. એટલે અમે કહ્યું, "હા, બહેન, બાતરને કંઈ નકામું બળાય? અમે આ ઢગ બાળ્યા હોત તો ખરેખર અમારી એ ભૂલ જ થાત."

"હા, પણ તમે તો નાનાં છો. એટલે એવી ભૂલ તમારાથી થાય તો તેમાં તમારો વાંક નથી. પણ જુઓ ને, માટેરાં પણ કેવી ભૂલો કરી બેસે છે? છાણનું સારામાં સારું બાતર થાય. લોકો તેનાં છાણાં બનાવી બાળે છે, એ હું જ્યારે જોઉં છું ત્યારે એઓ બાજરી, ઘઉં કે સોનાની જ રાખોડી કરી નાખતા હોય એવું મને લાગે છે."

અમે લતાબહેનની આ વાત સાંભળી જ રહ્યાં. એમણે વાત આગળ ચલાવી: "આપણે નકામી ગણી જે ચીજ ફેંકી દઈએ છીએ તેનો પણ ઉપયોગ થઈ શકે છે. કેળાંની છાલ પણ નકામી નથી, ને ચીંથરાં કે કાગળના ડૂચા પણ નકામા નથી. ચીંથરાંમાંથી તો કાગળ ને એવી બીજી ઘણી ચીજો બને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગળના ડૂચામાંથી કાગળના ટોપલીઓ ને બીજી ઘણી વસ્તુઓ થાય. આવી તો કેટલી બધી વસ્તુઓને નકામી ગણી આપણે ફેંકી દઈએ છીએ! એ બધીનો બરાબર ઉપયોગ કરીએ તો કરોડો રૂપિયા બચી જાય."

આ બધું શીખ્યા પછી અમે એ પાંદડાંને નકામાં જવા દઈએ ખરાં? અમે અમારા ખેતરમાં એક માપસરનો ઊંડો ખાડો કરી એમાં તે નાખ્યાં.

એ પછી તો આવા ઘણા ખાડા કરી અમે પાંદડાંનું સરસ ખાતર બનાવ્યું છે.

---

૧. પાંદડાંનું ખાતર શી રીતે થાય? ખાતર શા કામમાં આવે? પાંદડાં બાળવાની લતાબહેને ના કેમ પાડી? પાંદડાંના ઢગલામાંથી સોનાના ઢગ શી રીતે થઈ જાય?

૨. નકામી ગણીને ફેંકી દેવાની ચીજોને કામમાં શી રીતે લઈ શકાય?

૩. ખાતર શાનું શાનું થાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬. લંગડી



આજે રન્નનો દિવસ હતો. અમારી ટોળી ભાગોળના વડ નીચે એકઠી થઈ હતી.

મોરાર બોલ્યો, "ચાલો, આજે લંગડી રમીએ. ગુરુજીએ કાલે જ આપણને લંગડી રમાડી હતી. અકબર, તું પંચ થજે."

અકબર કહે, "ભલે, પણ પહેલાં બે પક્ષ તો પાડો."

મોરાર અને સોરાબ નાયક થયા. બધા છોકરા હારમાં ગોઠવાઈ ગયા. બંને જણે વારા ફરતી ભિલ્લુ માગવા માંડ્યા. નવ નવ ભિલ્લુની બે ટુકડી થઈ. હું સોરાબની ટુકડીમાં ગયો.

અકબર કહે, "જુઓ, હું ઠીકરું ઉછાળું છું."

મોરાર કહે, "ટેકરો."

સોરાબ કહે, "ખાડો."

અકબરે ઠીકરું ઉછાળ્યું. ઠીકરું નીચે પડ્યું એટલે મારી ટોળીના બોલી ઊઠ્યા, "ખાડો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકબર સોરાબને કહે, "બોલો, તમે મારશો કે રમશો?"

સોરાબ કહે, "મારીશું."

તરત જ અકબરે લંગડીનું કૂંડાળું બનાવ્યું. એ કૂંડાળામાં પેસવાનો રસ્તો પણ બનાવ્યો. અમે બધા મારવા જનાર ભિલ્લુઓ, સામે હારમાં ગોઠવાઈને બેસી ગયા. મોરારની ટુકડીવાળા કૂંડાળાની અંદર પેઠા.

અકબરે સિસોટી વગાડી ને સૌથી પહેલો સોરાબ લંગડી કરીને મારવા પેઠો. તે બે હાથ પહોળા રાખીને ઝડપથી ઠેકડા લેતો કૂદતો હતો. મોરારની ટુકડીવાળા કૂંડાળામાં નાસાનાસ કરવા લાગ્યા. જે પકડાતા તે કૂંડાળાની બહાર નીકળી જવા લાગ્યા. જેઓ દોડતાં દોડતાં કૂંડાળાની બહાર નીકળી જતા તેમને પણ અકબર બહાર કાઢતો.

સોરાબ પછી અમારી ટુકડીના રમનાર વારાફરતી લંગડી કરીને મારવા પેઠા. મોરાર દોડવામાં ને દાવ ચૂકવવામાં ચાલાક હતો. એ ઘડીકમાં નીચે બેસી જતો, તો ઘડીકમાં પાછો વળી જતો. એને થપાટ લગાવવા જતાં મારી ટોળીના ત્રણ જણના પગ જમીન પર અડી ગયા ને તેઓ બાદ થઈ ગયા. છેવટે સલીમે ખૂબ જોસથી લંગડી કરી મોરારને થકવી નાખીને પકડી પાડ્યો.

એક દાવ પૂરો થતાં અકબરે સિસોટી વગાડી. હવે બીજા દાવમાં મોરારની ટોળીવાળાનો મારવાનો વારો આવ્યો. અમારી ટુકડીવાળા કૂંડાળામાં પેઠા. આ વખતે પણ પહેલાં જેટલી જ મજા પડી. હું તો છેવટ સુધી પકડાયો જ નહિ. મોરારની ટુકડીના બધા બાદ થઇ ગયા તો પણ હું તો કૂંડાળામાં જ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકબર કહે, "શાબાશ. બધા સરસ રમ્યા. થોડા દહાડા આમ રમીશું. પછી આવતા રવિવારે રીતસરની બે દાવની ને બે કૂંડાળાંની રમત રમીશું. કેકી, તું તારું ઘડિયાળ લાવજે. આપણે ગુરુજીને પણ રમત જોવા બોલાવીશું."

પછી અમે સૌ રમતની વાતો કરતા કરતા ઘેર ગયા.

---

૧. રમત શરૂ શી રીતે થઈ? લંગડી રમનારમાં કઈ આવડત હોવી જોઈએ? ટોળી, ભિલ્લુ, પંચ અને નાયક કોને કહેવાય?

૨. નાસાનાસ, દોડાદોડ,—આવા બીજા થોડા શબ્દો આપો.

૩. મેદાનમાં તમે કઈ કઈ રમતો રમો છો તે કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭. હું તો પૂછું

હું તો પૂછું કે મોરલાની પોંછીમાં
રંગરંગવાળી
આ ટીલડી કોણે જડી?

વળી પૂછું કે મીંઢડીની
માંજરી શી આંખમાં
ચકચકતી કીકીઓ કોણે મઢી?

હું તો પૂછું કે આંબલાની ટોચે
જ્યાં હાથ ના પહોંચે
ત્યાં કૂંપળો કોણે કરી?

વળી પૂછું કે ગાવડીના પેટે
આ દૂધની
ધોળી મીઠી ધાર કોણે ભરી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હું તો પૂછું કે ચાંદાની થાળીમાં
બકરી ને ડોસીની
ઝૂંપડી કોણે મઢી ?

વળી પૂછું કે આભની હથેળીમાં
સૂરજની ભમતી
ભમરડી કોણે કરી ?

હું તો પૂછું કે પોપચે મઢેલી આ
દસ દિશ દેખતી
આંખ મારી કોણે કરી ?

વળી પૂછું કે નવરખ તારે
મઢેલી આ
આભલાની ચૂંદડી કોણે કરી ?

---

૧. જાતજાતનાં પીંછાં ને પાંદડાં એકઠાં કરો.

૨. નીચેનામાંથી કોઈ એકનું ચિત્ર દોરો :
ચાંદો, ઝૂંપડી, આંબો, બિલાડી, મોર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮. સાચા બોલી ગાય



ઊંચા ઊંચો એક ડુંગર હતો. ગામની સીમમાં ચરતી ગાયો ક્યારેક ડુંગરની ખીણમાં ચાલી જતી. ત્યાં ચારો ચરતી અને ઝરણાંનું મીઠું પાણી પીતી. સાંજ પડ્યે ગોવાળ ધણને ગામમાં પાછું વાળી લાવતો.

એક દિવસ એક ગાય પાછળ રહી ગઈ. સૂરજ ડૂબી ગયો હતો. અંધારું પડવા માંડ્યું હતું. ગાયને થયું, "હું પણ કેવી! મારું વાછરડું બિચારું રાહ જોતું હશે!"

ડોક લંબાવીને ગાય તો ઊભી પૂંછડીએ દોડી. ત્યાં ડુંગરની ખીણમાંથી છલંગ મારીને એક વાઘ ગાયની સામે આવીને ઊભો. ગાય થંભી ગઈ. વાઘ કહે, "તને ખાઉં."

ગાય કહે, "ભાઈ, ઘેર મારું વાછરડું મારી વાટ જોતું હશે. તે બિચારું ભૂખ્યું થયું હશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઘ કહે, "મારું બચ્ચું પણ ભૂખ્યું થયું છે. એને માટે હું ખાનાનું શોધું છું. તું ઠીક લાગમાં આવી છે. હવે તને છોડું કે?"

ગાય કહે, "ભલે, પણ ભાઈ, હું ઘેર જઈ મારા વાછરડાને ધવરાવી આવું. પછી તું મને મારજે."

વાઘ કહે, "ખરી છે તું પણ! મને છેતરવો છે, કેમ? હાથમાં આવેલો શિકાર જવા દઉં તો હું વાઘ શાનો?"

ગાય કહે, "ભાઈ, તને તારું બચ્ચું વહાલું છે તેમ મને પણ મારું વાછરું વહાલું છે. એને ધવરાવી આવું. એક વાર એનું મોઢું જોઈ આવું. વાછરડાને મળીને હમણાં પાછી આવીશ."

વાઘ જરા ઢીલો થયો. તે કહે, "ભલે, તો જઈ આવ. પણ મોડું ન કરીશ, સમજી?"

ગાય તો દોડતી હાંફતી ઘેર પહોંચી. વાછરડું દોડતું ક ને એને વળગી પડ્યું અને ધાવવા લાગ્યું. પેટ ભરીને વાછરડું ધાવી રહ્યું એટલે ગાય એને ડિલ પર, કપાળ પર ને લમણા પર ચાટવા લાગી. વાછરડું તો માનું હેત જોઈને રાજી રાજી થઈ ગયું. ડોક ઊંચી કરીને એણે માની સામે જોયું. જુએ છે તો માની આંખોમાંથી આંસુની ધારા ચાલી જતી હતી.

વાછરું કહે, "મા, મા, રડે છે કેમ?"

ગાય કહે, "કાંઈ નહિ, બેટા."

વાછરું કહે, "ના, પણ મને કહે."

ગાય કહે, "બેટા, હું થોડીક મોડી આવી ને તારે એટલી વાર ભૂખ્યા રહેવું પડ્યું. મને થયું, કોઈ વાર હું ન જ આવું તો તારી શી વલે થાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાછરું કહે, "પણ તું ન શું કામ આવે ? તું તો આવે જ ને ? મારા વગર તને બીજે ગમે જ નહિ."

સાંભળીને ગાય તો વધુ રડી પડી.

વાછરું કહે, "મા, મા, શું થયું છે ? મને સાચું કહે."

ગાય એને ચાટતી ગઈ ને બધી વાત કહેતી ગઈ. ગાય રડતી રડતી બોલી, "બેટા, હવે હું જઉં."

વાછરું કહે, "તો હું પણ આવું."

ગાયે ઘણી ના પાડી પણ વાછરડું તો એની પાછળ પાછળ જંગલમાં ગયું. વાઘે દૂરથી ગાયને આવતી જોઈ. પાછળ વાછરડાને જોઈને વાઘને થયું, "ગાયની વાત તો સાચી."

ગાય પાસે આવીને કહે, "ભાઈ, હવે મને મારી નાખ."

વાઘ તો ગળગળો થઈ ગયો. "બહેન, તું કેવી સાચા-બોલી છે ! મરવા માટે તે કોઈ આમ પાછું આવતું હશે ? અને તું તો બચ્ચા સાથે આવી છે ! તમને મારીને હું ક્યાં જઉં ? તારા જેવી સાચાબોલીને હેરાન કરી તે માટે મને તું માફ કરજે !" એમ કહી વાઘ તો છલંગ મારતો ચાલ્યો ગયો.

ગાય વાછરડા સાથે ઘેર આવી.

---

૧. વાઘ ગાયને શા માટે મારવા માગતો હતો ? વાઘને શું કહીને ગાય પોતાના વાછરડા પાસે ગઈ ? વાઘ છેવટે ગળગળો શાથી થઈ ગયો ?

૨. હરિશ્ચંદ્ર, ગાંધીજી, વગેરેના સાચું બોલવાના દાખલા આપો.

૩. જંગલનો દેખાવ કરી તેમાં માટીનાં ગાય, વાછરડું અને વાઘ મૂકો.

૪. આ પાઠને સંવાદ રૂપે ભજવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯. હળ અને દાતરડું



હળ—આ દાતરડું શા માટે મારી સામે હસ્યાં કરતું હશે? છે તો આટલું અમથું ટિચુકડું!

દાતરડું—હસું જ ને! ભલે હું ટિચુકડું હોઉં, પણ મારે દાંત કેટલા બધા છે? તું મોટું દૈત છે, પણ દાંત તો છે એક જ.

હળ—હવે જોયા તારા દાંત. મારે એક જ દાંત છે, પણ તે વડે ખેતર ખેડીને મેં કેવું એને લીલા લીલા મોલથી ભરી દીધું! તેં તો ખેતરને ખાલી કરી દીધું.

દાતરડું—પણ મેં ખળું ભરી દીધું ને? તેં તો ખેતરની અંદર કણ દાટી દીધા હતા. મેં તો બધા જ ખેડૂતને ભેગા કરી આપ્યા. જો, પેલો ખળામાંનો ઢગલો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળ—એ ઢગલો તો જાણે તેં ભરી દીધો ન હોય! મેં ખેતર ખેડ્યું, ત્યારે કણનાં કણસલાં થયાં છે.

ખેડૂત—હું ક્યારનો ઊભો ઊભો સાંભળું છું. શું કામ તમે કજિયો કરો છો? મારે તો તમે બંને સરખાં કામનાં છો. આ બધું અનાજ મળ્યું છે તેમાં તમે બંનેએ ખૂબ મદદ કરી છે. આ કોદાળી, કોશ, પાવડો, એ બધાં ઓજારોની પણ ઠીક મદદ મળી છે.

કોદાળી—કયાંક જરી ખોદવાનું હોય તો કહેશો કે લાવો કોદાળી.

કોશ—પણ ખાડો કરવો હોય ત્યારે તો કોશ જ જોઈએ.

પાવડો—એ તો ખરું, પણ પૂછી જુઓ, પાવડા વગર કામ ચાલે છે?

ખેડૂત—હા, ભાઈ, હા. હવે તમે સૌ જંપશો? હું તો કહું છું કે તમે સહુએ મદદ કરી છે. પણ સાથે સાથે બળદોની મહેનત પણ ઓછી નથી. કાંઈકે મેં પણ મહેનત કરી છે. તેમ છતાં આ અનાજ પાકયું છે તે કાંઈ આપણી મહેનતને જ લીધે પાકયું નથી. ધરતી-માતાએ અને મેઘરાજાએ મહેર કરી ત્યારે પાકયું છે.

---

૧. હળ શું કામ કરે છે? દાતરડું શું કામ કરે છે? અનાજ પકવવામાં કયાં કયાં ઓજારો ખેડૂતને કામ લાગે છે? કોની કોની મદદથી અનાજ પાકે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦. બહાદુર જુવાન



મોટી સભા મળી હતી. આખા દેશમાંથી લાખો માણસો આવ્યાં હતાં. બધાં ઝંડાવંદન માટે એક મોટા મેદાનમાં ભેગાં થયાં હતાં. મેદાનની વચ્ચોવચ એક ઊંચા એંશી ફૂટનો થાંભલો રોપ્યો હતો. તેના પર ગડી વાળીને બાંધેલો આપણો ત્રિરંગી ઝંડો ટિંગાડ્યો હતો. પંડિત જવાહરલાલ નહેરુ એ ઝંડો ફરકાવવાના હતા.

લોકો ગોળ કૂંડાળામાં ઝંડાની આસપાસ ઊભા રહી ગયા. ઝંડાના થાંભલા પાસે એક ઊંચો માંચડો ઊભો કર્યો હતો. તેના પર આગેવાનો એક પછી એક જઈને ઊભા. જેમ જેમ આગેવાનો ચઢતા જાય તેમ તેમ લોકો આનંદના પોકાર કરી એમને વધાવતા જાય. "મહાત્મા ગાંધીજીકી જય" ના પોકારો તો વારંવાર થવા માંડ્યા. માંચડા પર સરદાર વલ્લભભાઈ ને મૌલાના આઝાદ, સુભાષચંદ્ર બોઝ ને સરોજિનીદેવી આગળ ઊભાં હતાં.

પંડિત જવાહરલાલ નહેરુ ઝંડાવંદન કરાવવા થાંભલા નજીક આવ્યા. ટાંકણી પડે તોયે સંભળાય એવી શાંતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સભામાં ફેલાઈ ગઈ. થાંભલા પર વીંટાળેલી દોરી પંડિતજીએ હાથમાં લીધી. બધાંની નજર ઝંડા ઉપર મંડાઈ. "આ ફરકયો, આપણો ત્રિરંગી ઝંડો! કેવો ઊંચે ઊંચે આકાશમાં એ ફરફર ફરકી રહેશે!"

પણ આ શું! આ ઝંડો કેમ ફરકતો નથી!



જે દોરી ઝંડા સાથે બાંધી હતી તે ગરગડી પરથી ઊતરી પડી હતી. ઝંડાની ગડી ઉપર બાંધેલી ગાંઠ સખત થઈ ગઈ હતી. એ ગાંઠ ઢીલી થાય અને ગરગડી પર દોરી ચઢે તો જ ઝંડો ફરકી શકે ને! પણ એ કેવી રીતે બને? એ થાંભલા પર કોણ ચઢી શકે? એંશી ફૂટ એ ઊંચા હતો, અને તદ્દન લીસો હતો. એવા લીસા થાંભલા પર કેમ ચડી શકાય? સૌનાં મોં પર ચિંતા દેખાવા માંડી. શું કરવું તે કોઈને સૂઝતું ન હતું.

એવામાં સોળ સત્તર વર્ષનો એક જુવાન થાંભલાને ભાઝી પડ્યો. કોઈ એને રોકે તે પહેલાં તો એ સડસડાટ ઊંચે ચઢવા મંડ્યો. લોકોના જીવ જાણે તાળવે ચોંટી ગયા. રખેને ઊંચે ચઢતાં તમ્મર આવે! રખેને એ સરી પડે!

પણ જુવાન તો જોતજોતાંમાં અડધે થાંભલે પહોંચી ગયો. બધાંની આંખો જુવાન પર મંડાઈ ગઈ. બધાંના જીવ અધ્ધર થઈ ગયા. જોતજોતાંમાં તો જુવાન થાંભલાની ટોચે પહોંચી ગયો. એણે ગાંઠ ઢીલી કરી, ગરગડી પર દોરી ચઢાવી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચેથી "વંદે માતરમ્" અને "મહાત્મા ગાંધીજીકી જય" ના પોકારો કર્યા. નીચે લાખો માણસોએ એ પોકારો ઝીલી લીધા. સરરર કરતો જુવાન તરત નીચે આવ્યો. પંડિત જવાહરલાલે એને બાથમાં લઇ લીધો. આખું મેદાન તાળીઓના ગડગડાટ અને આનંદના પોકારોથી ગાજી ઊઠ્યું.

પછી પંડિતજીએ દોરી ખેંચી. ત્રિરંગી ઝંડો ઊંચે આકાશમાં ફરફરવા મંડ્યો. લોકોએ એને વંદન કર્યું.

ઝંડાવંદન પૂરું થતાં, સૌ પેલા જુવાનની બહાદુરીનાં વખાણ કરતાં વિખેરાયાં.

---

૧. પંડિતજી પેલા જુવાનને શા માટે ભેટી પડ્યા ?

૨. ખાલી જગા પૂરો :

૧. — ફૂટનો થાંભલો મેદાનની — રોપ્યો હતો. ૨. થાંભલા પર ગડી વાળીને આપણો — ઝંડો ટિંગાડ્યો હતો. ૩. લોકોના — તાળવે ચોંટી ગયા. ૪. ઝંડા સાથે બાંધેલી દોરી — પરથી ઊતરી પડી હતી.

૩. આપણા દેશના જાણીતા નેતાઓની છબીઓ ભેગી કરો.

૪. આપણા દેશના વાવટામાં કયા કયા રંગો છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧. કોઈને માટે આંબો



એક દિવસ કો રાજવી, આવે કરી શિકાર,
જોયો આંબો રોપતો, ડોસાને તે વાર.
પૂછ્યું, "ડોસા, કેટલાં થયાં વરસ જગમાંય?"
"એંસી કે નેવું હશે; નક્કી કેમ કળાય?"
"ત્યારે આ આંબાતણી કેરી ખાશો કેમ?"
સાંભળીને મનમાં હસી ડોસો બોલ્યો એમ:
"જે આંબાની કેરીઓ ખાધી મેં રસભેર,
તે તો કોણે રોપયો કયારે ને કઈ પેર,
હું નવ જાણું; તેમ આ આંબો રોપ્યો આજ,
તેની કેરી ચાખશે કોણ, ન જાણું, રાજ.
આંબો રોપ્યો કોઈએ જેવો મારે કાજ,
હું પણ રોપું કોઈને માટે તેવો આજ."

---

૧. ડોસાને રાજાએ શો સવાલ પૂછ્યો? ડોસાએ શો જવાબ આપ્યો?
૨. તમારે માટે બીજાં શું શું કરે છે તે કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨. કબૂતરોનો સરદાર—૧



એક દિવસ એક પારધીએ વનમાં દાણા વેર્યા અને ઉપર જાળ પાથરી દીધી. પછી એ થોડે દૂર ઝાડને ઓથે સંતાઈ ગયો. થોડી વારમાં કબૂતરોનું એક ટોળું ઊડતું ઊડતું ત્યાંથી જતું હતું. નીચે દાણા વેરાયેલા જોઈ ટોળામાંથી એક કબૂતર બોલ્યું, "નીચે કેટલા બધા દાણા છે! ચાલો, આપણે અહીં જ ઊતરીએ."

પણ કબૂતરોના સરદારે કહ્યું, "આ કંઈ ખેતર નથી કે અહીં દાણા વેરાયેલા પડ્યા હોય. મને તો આમાં જોખમ લાગે છે. જોજો, વગર વિચાર્યે ઊતરતાં!"

ત્યાં બીજું એક કબૂતર બોલ્યું, "ચોખ્ખા દાણા દેખાય છે. એમાં વિચાર શો કરવો હતો? એમ વિચાર કરવા રહીએ તો ભૂખે જ મરીએ ને!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાં કબૂતરોને એની વાત ગમી. તેઓ બધાં ઊતરવા તૈયાર થયાં.

સરદાર સમજુ હતો. એણે કહ્યું, "તમારી સૌની મરજી છે તો ચાલો, ઊતરીએ. મારે તમને છોડીને જવું નથી."

તરત જ આખું ટોળું નીચે ઊતર્યું. ભોંય પર પગ મૂકતાં જ બધાંના પગ જાળમાં સપડાઈ ગયા. સૌ સમજ્યાં કે સરદારની વાત સાચી હતી. બધાં પેલા ઊતરવાનું કહેનારનો વાંક કાઢવા લાગ્યાં. પણ સરદારે કહ્યું, "હવે કોઈનો વાંક કાઢ્યે કંઈ વળવાનું નથી. હવે તો જાળમાંથી કેમ છૂટવું તેનો જ વિચાર કરીએ. જુઓ, મને એક યુક્તિ સૂઝે છે. જો આપણે જોર કરીને એક સામટાં ઊડીશું તો આ જાળને ઉપાડી શકીશું, અને પારધીના હાથમાંથી બચી જઈશું."

સરદારે 'એક, બે, ત્રણ' કહ્યું ત્યાં બધાં કબૂતર એક સાથે જોર કરીને ઊડ્યાં, અને સાચે જ જાળ ઊંચકાઈ! કબૂતર તો જાળ લઈને ચાલ્યાં!

કબૂતરને જાળ લઈ ઊડી જતાં જોઈ પારધી તેમની પાછળ દોડવા લાગ્યો. પણ થોડી વારમાં એ થાકી ગયો અને પાછો ફર્યો.

એણે તો પંખી ખોયાં, દાણા ખોયા અને ઉપરથી જાળ પણ ખોઈ!

---

૧. પારધીએ દાણા શા માટે વેર્યા હતા? સરદારનું કહ્યું કબૂતરોએ ન માન્યું તેથી શું થયું? સરદારે છૂટવાની શી યુક્તિ બતાવી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩. કબૂતરોનો સરદાર—૨

પારધી પાછો વળ્યો, એટલે કબૂતરોએ સરદારને પૂછ્યું, "આમ જાળ લઈને ક્યાં સુધી ઊડીશું?"

સરદારે કહ્યું, "હવે બહુ નહિ ઊડવું પડે. પણે નદીકાંઠે મારો મિત્ર રહે છે. તે આપણને છોડાવશે."

કબૂતરો નદીકાંઠે જઈ ઊતર્યાં. સરદારે ભૂમ પાડી એટલે એક ઊંદર બહાર આવ્યો અને બોલ્યો, "ઓહો, આ તો મારો મિત્ર! કેમ, આજ આમ ક્યાંથી?"

સરદારે બધી વાત માંડીને કહી સંભળાવી. તરત જ ઊંદર જાળ કાપીને એને છૂટો કરવા તૈયાર થયો. પણ એણે કહ્યું, "તું મને એકલાને છૂટો કરે એ ન ચાલે. હું આ બધાંનો સરદાર છું. પહેલાં એ બધાં ને પછી હું."

"પણ મારા ઝીણા દાંત વડે આવડી મોટી જાળ હું શી રીતે કાપું?"

"કપાય તો યે કાપ ને ન કપાય તો યે કાપ. તું મારો મિત્ર છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંદર સમજી ગયો. તે એકદમ જાળ કાપવા મંડી ગયો. એક પછી એક કબૂતરો છૂટાં થવા લાગ્યાં. છેલ્લો વારો સરદારનો આવ્યો. તે છૂટો થયો ને પોતાના મિત્રને ભેટી પડ્યો.

પછી ઊંદરે પોતાના મિત્રની અને એના સાથીઓની સારી પેઠે પરોણાગત કરી. સાંજે બધાં પાછાં જવા નીકળ્યાં, ત્યારે બંને મિત્રો ફરી ભેટી પડ્યા. બંનેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

કબૂતરોનો સરદાર જતાં જતાં બોલ્યો, "મિત્ર મળો તો તારા જેવા મળજો."

---

૧. સરદારે પોતાને છેલ્લો છૂટો કરવાનું કેમ કહ્યું?
૨. ઊંદર દરમાં રહે. પંખી કયાં રહે? સિંહ કયાં રહે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪. ડોસાએ ગામ બચાવ્યું



જાપાન દેશની આ વાત છે.

દરિયાકિનારે એક નાનો ડુંગર હતો. ડુંગર પર ખેડૂતોનું એક ગામ હતું. દરિયાની બીજી બાજુ તળેટીમાં એમનાં ખેતર હતાં. સવારે વહેલા ઊઠી લોકો ડુંગર ઊતરી ખેતરમાં કામે મંડી જતા, ને સાંજ પડ્યે પાછા ઘેર આવતા. નાનાંમોટાં સૌ કામ પર જાય. માંદું હોય તે જ ઘેર રહે.

એક દિવસ બધાં કામે ગયાં હતાં. એક ડોસાને બે ત્રણ દિવસથી તાવ આવતો હતો. એક દહાડો તો એ તાવવાળો પણ ગયો. પણ બીજે દિવસે બહુ જોરમાં તાવ આવ્યો. બધાં એને સમજાવવા મંડ્યાં કે તાવમાં કામ કરવું સારું નહિ. પણ ડોસાને તો કામ વિના ચેન પડે નહિ. એ કદી માંદો પડતો નહિ. માંદા પડવાની એને શરમ આવતી હતી. ન છૂટકે એને ઘેર રહેવું પડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોસો ખાટલામાં પડ્યો હતો. ત્યાં એની નજર એકાએક દરિયા ઉપર પડી. જુએ છે તો એક મોટું મોજું કિનારા તરફ ધસી આવે છે. આ જાતનાં મોજાંનો ડોસાને અનુભવ હતો. દરિયો ગાંડો બનવાની આ રીતે શરૂઆત થતી. અડધા પોણા કલાકમાં તો આવાં અનેક મોજાં કિનારા પર ધસી આવે. ગાઉના ગાઉ સુધી કિનારા પરનાં ખેતરો, પશુઓ તેમ જ માણસોને ડુબાડી દે.

એટલે લોકો ડુંગર પર ગામ બાંધીને રહેતા. પણ ખેતી તો નીચે તળેટીમાં જ કરવી પડે ને! દરિયામાં આવાં ધોડાપૂર આવે ત્યારે ડુંગરની બીજી બાજુનાં ખેતરોમાં કામ કરતા લોકો ઘણી વખત ડૂબી જતા.

આથી આવું મોજું જોતાં ડોસો ધ્રૂજી ઊઠ્યો. એનામાં જોર ન હતું. નીચે દોડી જઈ લોકોને ખબર આપવા જેટલો વખત ન હતો. બૂમ પાડે તો સંભળાય તેમ ન હતું. હવે શું થાય? અડધા કલાકમાં તો મોજાં ડુંગરને ઘેરી વળશે. ગામનાં બધાં તણાઈ જશે. એ સૌને કેમ બચાવવાં?

વિચાર કરવા જેટલો પણ વખત ન હતો. ડોસાએ ઘરમાંથી ઘાસતેલનો ડબો ખેંચી કાઢ્યો. પોતાના ઘર પર ઘાસતેલ છાંટી એણે દીવાસળી ચાંપી. જોતજોતામાં ઘર સળગી ઊઠ્યું. પવન જોરથી વાતો હતો. એટલે આગના ભડકા ચારે બાજુએ ફેલાવા માંડ્યા.

તળેટીમાં ધૂમાધૂમ થઈ ગઈ. "આગ! આગ!" એવા પડઘા ડુંગરની ખીણમાં ગાજી ઊઠ્યા. સૌ પોતપોતાનાં કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતાં મૂકી, મૂઠી વાળી આગ બુઝાવવા દોડ્યાં. બધા લોકો ડુંગર પર પહોંચ્યા ન પહોંચ્યા ત્યાં તો ધૂંધવાટા કરતું એક જબરદસ્ત મોજું ડુંગર સાથે અફળાયું. તળેટીનાં બધાં ખેતર ડૂબી ગયાં.

પણ ગામનું એક પણ માણસ એ ઘોડાપૂરમાં તણાઈ ન ગયું. સૌ કોઈ બચી ગયાં. ડોસાનું ઘર તો બળીને ખાખ થઈ ગયું, પણ ગામ આખું બચી ગયું. ડોસાના આનંદનો પાર ન રહ્યો!

---

૧. ગામ ડુંગર પર કેમ હતું? ખેતર કયાં હતાં? માંદા પડવાથી ડોસાને શરમ કેમ આવતી હતી? દરિયો ગાંડો બને ત્યારે શું થતું? તળેટીમાંના લોકોને બચાવવા ડોસાએ શું કર્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫. જાગ ને જાદવા

જાગ ને જાદવા કૃષ્ણ ગોવાળિયા,
તુજ વિના ધેનમાં કોણ જાશે?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા,
વડો તે ગોવાળિયો કોણ થાશે?—જાગ ને૦

દહીં તણાં દહીંથરાં, ઘી તણાં ઘેબરાં,
કઢિયલ દૂધ તે કોણ પીશે?
હરિ તાર્યો હાથિયો, કાળી નાગ નાથિયો,
ભૂમિનો ભાર તે કોણ લેશે?—જાગ ને૦

જમુનાને તીર ગોધેન ચરાવતાં
મધુરી શી મોરલી કોણ વાશે?
ભણે નરસૈંયો, તારા ગુણ ગાઈ રીઝીએ
બૂડતા બાંહેડી કોણ સા'શે?—જાગ ને૦

---

૧. વડો ગોવાળિયો કોણ હતો? જશોદા કૃષ્ણને શું શું ખાવા આપતાં હતાં? કૃષ્ણ મોરલી ક્યારે વગાડતા હતા?
૨. મગરે પકડેલા હાથીને હરિએ શી રીતે તાર્યો હતો? કાળી નાગને કૃષ્ણે શી રીતે નાથ્યો હતો?
૩. 'નાથવું' એટલે શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬. માટીનાં વાસણો ને રમકડાં

એક દિવસ અમારાં બહેન કહે, "કેમ બાળકો, આજે આપણે ગામમાં ફરવા જઈશું ?"

અમે બોલી ઊઠ્યાં, "હા, હા, બહેન ! આપણે ઘણા દિવસથી ગયાં નથી."

બહેન કહે, "ચાલો ત્યારે, તૈયાર થઈ જાઓ."

અમે બબ્બેની હારમાં ગોઠવાઈ ગયાં. એક પછી એક શેરી વટાવતાં અમે આગળ ચાલ્યાં. થોડી વારમાં અમે એક નાનકડી શેરીમાં આવી પહોંચ્યાં. અહીં થોડાં જ ઘર હતાં. બહુ નાનાં ને સાદાં ઘર હતાં. આંગણાંમાં જ જાતજાતનાં માટીનાં વાસણો ગોઠવીને મૂકેલાં હતાં. એમાં અમે સગડી ને ચૂલા, માટલી ને માટલાં, ઘડા ને કૂજા જોયાં. આ બધું કેવી રીતે બને છે તે જોવા અમે અધીરાં બન્યાં.

અમે સૌ એક ઘરને આંગણે જઈ ઊભાં. એક બાજુ સોમા કુંભાર ચાકડો ફેરવતા હતા. રામીબાઈ પલાળેલી માટીનો મોટો ઢગ ખૂંદતાં હતાં. બીજી બાજુ એમનો મોટો દીકરો અડધાં સુકાયેલાં વાસણોને ટીપતો હતો. એનો નાનો ભાઈ ગધેડા પરથી માટી ઠાલવતો હતો.

સોમાભાઈની બાજુમાં ખૂંદેલી માટી પડેલી હતી. એમણે ચાકડા પર માટી મૂકી જોસથી ચાકડો ગોળ ગોળ ફેરવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીમાં હાથ પલાળી તેઓ એક પછી એક માટલાં તૈયાર કરવા લાગ્યા. જોતજોતામાં તો માટલાંની હાર થઈ ગઈ !

રામીબાઇની દીકરી ધનીએ તે બધાં એક પછી એક ઉપાડી લીધાં, ને તડકામાં સુકાવા ગોઠવી દીધાં. આ વાસણોનો રંગ કાળો હતો. સામે ગોઠવેલાં વાસણોનો લાલ રંગ જોઇ મરિયમે પૂછ્યું, "આ કાળાં ને પેલાં લાલ કેમ ?"

સોમાભાઈ કહે, "આ તો હજી કાચાં છે. એ બધાં થોડાં સુકાય પછી પણે મારો દીકરો ટીપે છે, તેમ ટીપવાં પડે. તે પછી બરાબર સુકાય એટલે એમને પકવવાં પડે. ચાલો, હું તમને એ બધું બતાવું."

અમે સોમાભાઈની પાછળ ગયાં. તેઓ કહે, "જુઓ આ અમારો નીંભાડો. જુઓ, તડકામાં સુકાયેલાં વાસણો અમે એક ઉપર એક સરસ રીતે ગોઠવીએ. પછી એના પર ઘાસ, કચરું કે ભાતનાં છોડાં નાખી સળગાવીએ. આ નીંભાડો આખી રાત બળ્યા કરે. જ્યારે તે હોલવાઈ જાય અને વાસણો ઠંડાં પડે ત્યારે અમે તે બહાર કાઢી લઈએ."

નરેશ કહે, "પણ એ ચકચકતાં શી રીતે થાય છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમાભાઈ બોલ્યા, "નીંભાડામાંથી કાઢેલાં વાસણોને અમે રંગ લગાડીએ છીએ. તેને જો ચકચકતાં બનાવવાં હોય તો ઉપર લાકડાના મોટા મણકાની કે કાચકાની માળા ઘસીએ છીએ. એ પછી એના પર કોઈ વાર ચૂનાથી સરસ ભાત પણ ચીતરીએ છીએ. જુઓ, આ માટલું કેવું લાગે છે?"

માલતી બોલી ઊઠી, "વાહ, ઘણું સરસ! પણ સોમાકાકા, તમે વાસણો સિવાય બીજું કંઈ બનાવો છો ખરા?" સોમાભાઈ બોલ્યા, "હા, કોઈકિ વાર અમે ઈંટ ને નળિયાં પણ બનાવીએ છીએ. વળી, મેળાના દિવસો આવે ત્યારે અમે ભાતભાતનાં માટીનાં રમકડાં પણ બનાવીએ છીએ."

એમ કહી અમારા દેખતાં સોમાકાકાએ એક સરસ હાથી બનાવી કાઢ્યો. અમે તો જોઈ જ રહ્યાં. અમે થોડી તૈયાર માટી ખરીદી લીધી. બહેન કહે, "આપણે નિશાળમાં નાનાં નાનાં વાસણો ને રમકડાં બનાવીશું." આ સાંભળીને અમે રાજી થયાં.

સોમાકાકાને રામરામ કરી અમે પાછાં ફર્યાં.

---

૧. સોમાભાઈના ઘરનાં બધાં શા શા કામમાં લાગેલાં હતાં? કાળાં માટલાં લાલ કેવી રીતે બને છે? નીંભાડો શા માટે કરવામાં આવે છે?

૨. સોમાભાઈને ત્યાંનાં માટીનાં વાસણો અને રમકડાંની યાદી કરો.

૩. કૂને, માટલું કે કોડિયું ચીતરો. તમે પણ માટીનાં થોડાં રમકડાં બનાવજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પતંગની સહેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭. પતંગની સહેલ-૧

છ મહિના પર નાનુના બાપા ગુજરી ગયેલા. તેની મા મજૂરી કરી બધાંનું ગુજરાન કરતી. નાનુ એ બરાબર સમજતો. તેના ભાઈબંધ બન્નરમાં પતંગ લેવા માટે દોડાદોડી કરતા હતા, પણ નાનુ ઘરમાં બેઠો બેઠો પતરાળી ને પડિયા બનાવતો હતો. આ કામમાં તે રોજ માને મદદ કરતો. એમાંથી જે બે પૈસા મળતા તેટલી મદદ પણ બહુ કીમતી હતી. પણ આજે એ કામ કરતાં કરતાં એની આંખમાં આંસુ આવી જતાં હતાં.

નાનુ શાથી રડતો હતો? બીજે દિવસે ઉતરાણ હતી. નિશાળમાં છોકરાઓ બધે પતંગની જ વાતો કરતા હતા. કોઈ ગુલાબી માંજાની વાત કરતું હતું, તો કોઈ સૂરતી માંજો પોતે ખરીદ્યો છે તેની વાત કરતું હતું. કોઈ કહેતું હતું કે મેં તો કૂમતેદાર ને ચોકઠેદાર ખરીદ્યા છે, તો કોઈ કહેતું હતું કે મેં તો પ્યાલેદાર અને પટેદાર ખરીદ્યા છે. એ બધી વાતોમાં નાનુ ભાગ લઈ શકયો ન હતો. તેણે ન તો ગેંડાછાપ રીલ ખરીદ્યું હતું, ન કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંકદ્વાર કે ફૂમતેદ્વાર પતંગ. તેની માએ તો તેને પતંગ ને દ્વોરો લઈ આવવા કહેલું. પણ તે લાવ્યો ન હતો. માને એટલી વધારે મહેનત કરવી પડે ને! એ નાનુને ગમતું ન હતું. અને છતાં બધા કાલે જ્યારે પતંગની મજા માણતા હશે ત્યારે પોતે એ મજા નહિ લઈ શકે એ વિચારે એને રડવું આવી જતું હતું.

આમ નાનુ ઘરમાં પતરાળી–પડિયા બનાવતાં આંસુ સારતો બેઠો હતો. ત્યાં તેનો દ્વોસ્ત રમેશ આવી પહોંચ્યો. નાનુએ ઝટ આંખ લૂછી નાખી ને હસવાનો પ્રયત્ન કર્યો. જાણે તેનાં આંસુ જોયાં જ ન હોય એવો દેખાવ કરીને રમેશ બોલ્યોઃ "નાનુ, ચાલ. અહીં બેસી શું રહ્યો છે? આપણી કમળ ટુકડીવાળા બધા તારી રાહ જુએ છે."

"કેમ, શું છે જે?" નાનુ બોલ્યો.

"કાલે આપણા વર્ગની ત્રણ ટુકડીઓ વચ્ચે પતંગની હરીફાઈ રાખી છે. એટલે આજે આપણો માંજો પાવાનો છે. ગયે વરસે તેં બધાના પતંગ કાપી નાખ્યા હતા, એટલે આપણી ટુકડી માટે માંજો ઘસવાનું કામ સૌએ તને સોંપ્યું છે." રમેશ બોલ્યો.

"પણ હું ક્યાં પતંગ ઉડાડવાનો છું? તું જાણે છે ને કે મારાથી પતંગ ખરીદી શકાય એવું નથી?" નાનુએ કહ્યું.

"પણ તને માંજો ઘસતાં આવડે છે ને? આજે લતાબહેને કહ્યું કે સૌ જુદા જુદા પતંગ ઉડાવે તેના કરતાં પોતપોતાની ટુકડી સાથે મળી પતંગ ઉડાવે તો કેવી મજા પડે! તું આજે જરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેલો ઘેર ચાલ્યો આવ્યો હતો. એટલે એ વખતે તું હાજર ન હતો. નહિ તો બધા કેવા આનંદમાં આવી ગયા હતા એ તું જોઈ શકત. આપણી ટુકડીવાળા તો એકદમ ઉત્સાહમાં આવી ગયા. બધા તને યાદ કરવા લાગ્યા. બધા કહેવા લાગ્યા કે નાનુ આપણી ટુકડીમાં છે, એટલે જીત તો આપણી જ થવાની. નાનુ જેવો માંજો પાતાં બીજા કોને આવડે છે? ચાલ, તૈયાર થઈ જા."

"પણ મારી પાસે દોરો ક્યાં છે?"

"તું તો સાવ ભોટ છે, નાનુ. તને એટલું પણ ન સમજાયું કે સૌએ પોતપોતાની પાસે જે કંઈ હોય તે આપવાનું છે? જેની પાસે પતંગ હોય તે પતંગ આપે. દોરી હોય તે દોરી આપે. તારા જેવા જેની પાસે આવી સરસ આવડત હોય તે પોતાની આવડત આપે. તું ત્યાં આવીને જો તો ખરો. પતંગ, ગેંડાછાપ રીલ ને માંજાથી ભરેલી ફીરકીનો તો ઢગલો થઈ ગયો છે. કોણે પતંગ આપ્યા ને કોણે દોરો આપ્યો તેનો કોઈએ હિસાબ પણ નથી રાખ્યો. બધા તારી રાહ જુએ છે; જલદી ચાલ. આપણે પહેલા આવવાનું છે. સારું છે કે તું આપણી ટુકડીમાં છે."

આમ વાતો કરતો કરતો રમેશ નાનુને નિશાળમાં ખેંચી ગયો.

નાનુએ એ દિવસે જે માંજો ઘસ્યો તેની તો વાત જ શી કરવી! એની ટુકડીવાળા તો એ માંજાનાં વખાણ કરતાં ધરાતા જ ન હતા.

---

૧. નાનુ બાને શી રીતે મદદ કરતો હતો? તે ઉતરાણની તૈયારી કેમ કરતો ન હતો? તેની ટુકડીને આપી શકાય એવું તેની પાસે શું હતું?
૨. માંજો શી રીતે ઘસાય તે કહો.
૩. ઉતરાણ પર તમે બીજી શી શી મજા કરો છો?
૪. તમારી શાળામાં કઈ કઈ ટુકડીઓ છે? તમે કઈ ટુકડીમાં છો? તમારી ટુકડીઓ વચ્ચે કોઈ હરીફાઈ થાય છે કે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮. પતંગની સહેલ–૨

ઉતરાણને દિવસે બધાં મળસકે ઊઠી ગયાં. અજવાળું થતાં આકાશમાં ઠેર ઠેર પતંગો ઊડવા લાગ્યા.

નાનુ, રમેશ, હમીદા, તારા, વગેરે બધાં નિશાળના ચોગાનમાં ભેગાં થયાં. દરેક ટુકડી જુદી જુદી નિશાનીવાળા પતંગ લાવે એમ નક્કી થયું હતું. કમળ ટુકડીવાળા લાડવેદાર પતંગ લાવ્યા. સૂરજ ટુકડીવાળા આંકદાર ને વડ ટુકડીવાળા ચોકઠેદાર લાવ્યા.

સવારના એક કલાક શાળાની ત્રણ ટુકડીઓ વચ્ચે પતંગના પેચ લડાવવાની હરીફાઈ હતી. એ પછી દરેક જણ પોતાને જ્યાં ગમે ત્યાં પતંગ ઉડાવે, એવું નક્કી થયું હતું. પંચ તરીકે દરેક ટુકડીમાંથી એકએક જણને નીમવામાં આવ્યો.

પેચ લડાવવાની શરૂઆત થઈ. જોતજોતામાં આકાશ પતંગથી ભરાઈ ગયું. કોઈનો પતંગ લોટતો જતો, તો કોઈનો ગુલાંટ લેતો. કમળ ટુકડીવાળા તો નાનુને ડગલે ને પગલે બોલાવવા મંડ્યા. કોઈ કહેતું, "નાનુ, પેલા આંકદાર અડધિયાને જરા રસ્તો બતાવી દે. લે, આ દોર તું લે. તારા જેવી ગુલાંટ ખવડાવતાં બીજા કોને આવડે છે?" આ બધું સાંભળતાં નાનુના હરખનો પાર રહ્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે એક મોટો પતંગ ચઢાવ્યો. સુસવાટા મારતો તે ગગનમાં પહોંચ્યો. શિકાર પર બાજ તૂટી પડે તેમ નાનુનો પતંગ લાંબી ગુલાંટ લેતો બીજાના પતંગ કાપવા લાગ્યો. પતંગ કાપતો જાય ને ઊંચે ચઢતો જાય. થોડી વારમાં તો તે નાના તારા જેવો દેખાવા લાગ્યો.

ત્યાં પહોંચતાં ઘણા જણાએ પેચ લડાવી તેને કાપવા મથામણ કરી. પણ કોઈ વાર દોર ઢીલી મૂકીને તો કોઈ વાર ખેંચીને નાનુ તે બધાના પતંગ કાપતો જ ગયો. કારતક મહિનામાં રાતે લોકો નદીમાં દીવા તરતા મૂકે છે તે તમે જોયા છે? તે જેમ ડોલતા ડોલતા જાય, તેમ કપાયેલા બધા પતંગ ડોલતા ડોલતા જતા હતા. કેટલાક તો રઝળતા છોકરાઓ જેવા લાગતા હતા.

નાનુનો પતંગ કપાતો નથી એ જોઈને એક સામટા બેઉ સામી ટુકડીવાળાઓએ એના પતંગ સાથે પેચ લડાવ્યા. નાનુનો પતંગ કપાયો એટલે સામી ટુકડીઓ ધૂમ પાડી ઊઠી, "કા...પ્યો!" નાનુ હસવા મંડ્યો.

કેટલા બધા પતંગ કાપી એ પતંગ કપાયો હતો! એને માટે શોક કરવાનો હોય! એણે ફરીથી બીજો પતંગ ચઢાવ્યો ને એમ એક કલાક પૂરો થતાં બધાં પંચ પાસે દોડી ગયાં. પંચે નિર્ણય આપ્યો કે કમળ ટુકડી – નાનુની ટુકડી – જીતી હતી. સૂરજ ટુકડીના પચાસ, વડ ટુકડીના સિત્તેર અને કમળ ટુકડીના વીસ પતંગ કપાયા હતા. એકલા નાનુએ જ વીસ જેટલા પતંગ કાપ્યા હતા!

હરીફાઈ પૂરી થતાં સૌ બીજા લોકોના પતંગ સાથે પેચ લડાવવા દોડ્યા. નાનુ ને રમેશે રમેશની અગાશીમાંથી પતંગ ઉડાડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખો દિવસ નાનુએ ખૂબ મજા કરી. રાતે જ્યારે તે ઘેર આવ્યો ત્યારે તેનું મોં હસું હસું થઈ રહ્યું હતું. તે જોઈ તેની મા ખૂબ રાજી થઈ.

---

૧. પતંગોની હરીફાઈ કેવી રીતે ગોઠવાઈ હતી? કપાયેલા પતંગ કેવા લાગતા હતા? નાનુનું મોં રાત્રે કેમ હસુંહસું થઈ રહ્યું હતું?

૩૯. હોળી

આંબાડાળે ટહુકા કરતી કોયલરાણી બોલી :
"વસંત આવી, વસંત આવી, હવે આવશે હોળી."
રંગરંગનાં ફૂલો ખીલ્યાં, ગાતાં પંખી ગાન,
ભમરા ગુંજે, ખેડુ હરખે, ખેતર પાક્યાં ધાન,
"હોળી આવી, હોળી આવી," કહે સહુ ઉર ખોલી,
કેસૂડાંનાં રંગછાંટણાં છાંટો, આવી હોળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોળી આવી, ઘેરૈયા સૌ ચલો લઈ કર ગેડી,
ઢમક ઢમક ઢમ ઢોલ બજાવો, સહુને લાવો તેડી.
ઢંગના ઢંગ કાઠી લઈ આવો, ખેલો બાંધી ટોળી,
નવા વેશ ને નવા ગાનમાં ખેલો, આવી હોળી.
હોળીની શી ઝાળ ! જુઓ આ ધજા ફરર ફર ઊડે !
"હોળી માતા, હોળી માતા !" કરી છોકરાં કૂદે.
આંબામોરે વળી વધાવી, ઢોલક લોક વગાડે,
"કરો ભલું" કહી માતા હેતે બાળક પગે લગાડે.
ઘેલાં લોક ગુલાલ ઉડાવે, કુંકુમ મુખ પર ચોળી,
રંગભરી પિચકારી મારે, એવી આવી હોળી.

---

૧. હોળી કયા મહિનામાં આવે છે ? લોકો હોળી ઉપર શી રીતે આનંદ કરે છે ?

૨. પ્રહ્લાદ અને એની ફોઈ હોળિકાની વાત જાણો છો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦. પાવાગઢ

ગઈ રજામાં હું મોટાભાઈની સાથે પાવાગઢ જઈ આવ્યો. વડોદરાથી ગાડીમાં બેસી અમે ચાંપાનેર સ્ટેશને ઊતર્યા. ધર્મશાળામાં જઈ મુકામ કર્યો. બીજે દિવસે સવારે વહેલાવહેલા ઊઠ્યા અને ડુંગર ચઢવા મંડ્યા. મોટાભાઈ કહે, "નટુ, થાક નહિ લાગે ને?" પણ આપણે તો આગળ ને આગળ. બે બાજુ મોટાં મોટાં ઝાડ ને વચ્ચે વાંકોચૂકો રસ્તો ચાલ્યો જાય. પંખીઓ કલરવ કરતાં હતાં. કોઈ કોઈ છોડ અને ઝાડ ઉપર રંગબેરંગી ફૂલ હતાં. એટલામાં સૂરજ ઊગ્યો. સૂરજનાં કિરણોમાં જંગલ હસી ઊઠ્યું.

જંગલની શોભા જોતા જોતા અમે તો ચઢતા જઈએ ને ફરવાજ્ઞ વટાવતા જઈએ. મોટાભાઈ કહે, "પહેલાં રાજ્ઞ અહીં ડુંગર ઉપર રહીને લડાઈ કરતા. સામાવાળો આટલા ફરવાજ્ઞ વટાવીને આવે ત્યારે જ ગઢ જીતી શકે. જો, આ માચી આવી. આપણે અડધે તો આવી પહોંચ્યા!"

પછી બાજુને રસ્તે એ મને જંગલમાં લઈ ગયા. ત્યાં મોટા પથ્થર-પરથી પાણીની ઝીણી સેર આવતી હતી. મોટાભાઈ કહે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વડોદરામાં આપણે બગીચો જોવા ગયા હતા. ત્યાં વિશ્વામિત્રી નદી તેં જોઈ હતી ને ? તે આ." હું તો વિશ્વામિત્રીને હથેલીઓમાં ઝીલવા અને પાણી ઉડાડવા મંડી પડ્યો. ત્યાં મોટાભાઈ એ ખાવાનું કાઢ્યું. બંનેએ નાસ્તો કર્યો. પાણીની ધાર છેક નીચે ખીણમાં પડતી હતી. તેનો મીઠો અવાજ આવતો હતો. પંખીઓ ગાતાં હતાં. મને ખૂબ મજા પડી.

તાજા થઈ અમે આગળ વધ્યા. થોડી વારમાં તો અમે ડુંગરની ટોચ ઉપર પહોંચી ગયા. ત્યાં એક નાનકડું તળાવ હતું. મોટાભાઈ કહે, "આને દૂધિયું તળાવ કહે છે. જો, એનું પાણી ધોળું દૂધ જેવું લાગે છે ને ?" પછી અમે પગથિયાં ચઢી કાળી માતાના મંદિરે ગયા.

અમે ડુંગર ઉપરથી આજુબાજુ જોવા લાગ્યા. નીચે ચાંપાનેર દેખાતું હતું. ચાંપાનેરનો કોટ તો ખેતરની વાડ હોય એવડો લાગે. ઘર ને મસીદો જાણે રમકડાં ગોઠવ્યાં ન હોય ! માણસો તો માંડ દેખાય. દૂર નીચે ગાડી ચાલી જતી દેખાઈ. જાણે નાનું સાપોલિયું સરી જતું ન હોય !

મોટાભાઈએ કહ્યું, "આ ચાંપાનેરમાં આજે થોડાંક જ ઘર છે. પણ પહેલાં એ મોટું શહેર હતું. નવરાત્રનો ગરબો તેં સાંભળ્યો છે ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા, ચાંપા તે નેરનાં ચાર ચૌટાં, મા'કાળી રે,
માળીડે માંડ્યાં હાટ, પાવાવાળી રે."

પછી દૂર બતાવીને કહે, "જો, પેલું હાલોલ ગામ દેખાય." પછી અમે નીચે ઊતરવા લાગ્યા. ઊતરતાં એક બાજુ ખીણ તરફ ગયા. ત્યાંથી નીચે એક મોટું તળાવ દેખાતું હતું.

મોટાભાઈ કહે, "એ આજવા તળાવ છે."

પછી અમે દોડતા દોડતા ડુંગર ઊતરવા લાગ્યા. થોડી વારમાં તળેટીએ આવી પહોંચ્યા.

ગામમાં જઈ, જમી પરવારી સાંજની ગાડીએ અમે પાછા ફર્યા. ગાડી ચાલતી હતી ત્યારે પણ દૂર સુધી બારી આગળ બેસીને મેં પાવાગઢ જોયા જ કર્યો.

---

૧. પાવાગઢ પર કઈ માતાનું મંદિર છે ? ડુંગર પરથી નીચેનો દેખાવ કેવો લાગતો હતો ?

૨. નીચેનાં વડે ખાલી જગા પૂરો :

રમકડાં; ખેતરની વાડ; સાપોલિયા.

૧. ચાંપાનેરનો કોટ _____ જેવડો લાગતો હતો.
૨. દૂર જતી ગાડી સરી જતા નાના _____ જેવી લાગતી હતી.
ઘર અને મસીદો જાણે _____ ગોઠવ્યાં હોય તેવાં જણાતાં હતાં.

૩. નવરાત્ર ક્યારે આવે છે ? ત્યારે લોકો કેવી રીતે મજા કરે છે ?

૪. તમે કોઈ ડુંગર પર ચઢી આવ્યા છો ? તમે ત્યાં જે જોયું હોય તે વિશે કાગળ લખો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દયાદી

(અભ્યાસ અને લેખન માટે)

૧

મલકંતાં
પલકંતા
ફરકંતાં

૨

એકાટશે
મહાપુરુષ
કર્યા

૩

ચારિયું
ખિજવું
જૂહું
મશ્કરી

૪

ઋતુ
ઊભેલી
શગડી
મધમધતું
ફૂબડી
મૂરખ
ત્રણ
સાંભળ્યો

૫

ખિસ્સી
ગધેડાભાઈ

૬

હોંકારા
હીંચકા
પાટિયાં
કૂંડાં

અમ્મા
તેડ્યો
સર્યા
ચૂંક્યો
પહોંચ્યો
વર્ગ

૭

શીંગડાં
ભૂંડાં
કિકિયારી
ફેલાયેલી
ઊઠ્યું

૮

એહું
લૂછ્યું
ઊજળું
ચોખ્ખાઈ
વીજળ્યો
પહેર્યું
ફર્યા
પ્રમાણે

૯

આંગણિયે
હીંચોળે

૧૦

કૂંડાળું
ફાળિયું
લુંગી
ચણિયો
ફૂમતું

૧૧

દુઃખ
ઝૂંપડી
પિત્રાઈ
લશ્કર
ગંધર્વો
ચિત્રસેન
યુધિષ્ઠિર

૧૨

સૂના
ધૂવડ
ભેરુ

૧૩

કબૂલ
પેગંબર
મક્કા
મસ્જિદ
જાત્રા
પવિત્ર
પથ્થર
નક્કી
ન્યાયી
માણિક

૧૪

ચિંતા
સૂઝ

૧૫

મુઝવણ
આજ્ઞા

હૈયું
કૌશલ્યા
સુમિત્રા
લક્ષ્મણ
શત્રુઘ્ન
વસિષ્ઠ
અયોધ્યા
યુક્તિ

૧૬

ખીજવવું
ગિરિધર

૧૭

સૂંઢવાળા
ભૂંગળું
સ્ટેશન
અબ્દુલ
પુષ્કળ

૧૮

ઊકળતું
નાળચું
ઊંચુંનીચું
આશ્ચર્ય
ઊકળ્યો
ધર્યો
ધક્કા

૧૯

ગલૂડિયું
તૂરિયું
કુરકુરિયું

૨૦

ખોખારો
મુઝાવું
ઊતરવું
સાંભળવું
અક્કલ

૨૧

પૂજાપાઠ
ઊઠવું
પરોઢિયું
આંગળી
ચીંધવું
ઝૂમખું
ખટકતો
જગાડ્યો
ધ્રુવનો
સપ્તર્ષિ
પશ્ચિમ
ચઢ્યો

૨૨

ઑફિસ
પોશાક
પૂંઠું
ડોળ
માર્યો
ઈશ્વર
મનીઑર્ડર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકાલય

૨૩ ડૂબાં ઝૂંટી

૨૪ પોષ વેરાયેલાં ડૂચા દીવાસળી ઉમેર્યું

૨૫ અંધૂરી ફળાઉ ઉગાડવાના ઊંડો બળાવ્યું વસ્તુ

૨૬ ઠીકરું ચૂકવવું સિસોટી ઘડિયાળ શાબાશ પક્ષ ભિલ્લુ ઉછાળવું

૨૭ ટીલડી કૂંપળ ચૂંદડી

૨૮ બિચારું પૂંછડી ગળગળો બચ્ચું કથારેક

૨૯ ટિચુકડું કબ્જિયો ધરતી દૈત્ય ખેડ્યું

૩૦ વચ્ચોવચ વીંટાળેલી ઊતરી વિખેરાવું બહાદુરી ત્રિરંગી ટિંગાડવું

મહાત્મા વલ્લભભાઈ સુભાષચંદ્ર સત્તર વર્ષ તમ્બર અક્ષર

૩૧ કળાય ચાખવું

૩૨ કબૂતર વળવાનું વેર્યા ઊતર્યું ફર્યો

૩૩ ઊડીશું ઊંદર પરોણાગત ઝળઝળિયાં મિત્ર

૩૪ તળેટી ગાંઠું મોજું શરઆત ધોડાપૂર ધૂમાધૂમ ચુઝાવવા ધૂધવાટ ધ્રૂજી જણરદસ્ત

૩૫ ગોવાળિયા દહીંથરાં નરસૈંયો કૃષ્ણ

૩૬ ખૂંદ્યું સુકાયેલાં નીંભાડો

૩૭ મજૂરી

ફૂમતેદાર હિસાબ ખરીદ્યા ઉત્સાહ

૩૮ અજવાળું નીમવું અડધિયો સૂસવાટા મળસકું સિસોટી

૩૯ ફસડાં ઘેરૈયા ઝાળ કુંકુમ પિચકારી

૪૦ વાંકોચૂંકો રંગબેરંગી સાપોલિયું ધર્મશાળા વિશ્વામિત્રી

જય હિંદ !

પુસ્તકાલય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

गुरुकुल कांगड़ी